
# ભીતરનો રાજીપો



વિજય હઠીસિંગ શાહ

# ભીતરનો રાજીપો

પદરચના

**વિજય હઠીસિંગ શાહ**


પ્રકાશક

વિજય હઠીસિંગ શાહ

"હઠીસિંગની વાડી"

આંબલી-બોપલ રોડ, સેટેલાઇટ.

અમદાવાદ - ૩૮૦૦૫૮

Bhitarno Rajipo
by Vijay Shah
Published by Vijaybhai Shah,
Ambali-Bopal Road, Setelite, Ahmedabad-૫૮

કૉપીરાઈટ : વિજય શાહ

પહેલી આવૃત્તિ : ૨૦૧૬

પ્રત : ૫૦૦

પૃષ્ઠ સંખ્યા : ૧૨૮

મૂલ્ય : ભક્તિ

પ્રકાશક :
વિજય હઠીસિંગ શાહ,
'હઠીસિંગની વાડી'
આંબલી-બોપલ રોડ, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦ ૦૫૮

ટાઈપસેટિંગ :
શારદા મુદ્રણાલય
૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬

મુદ્રક :
ભગવતી ઑફસેટ
સી/૧૬, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪



મારો આ ગીતસંપુટ

છતમાં છલકાયા વિના

અછતમાં અકળાયા વિના

પડદા પાછળ રહીને મારા જીવનનો

આધારસ્તંભ બનનાર મારાં

જીવનસંગિની કમલિનીને

આ **"ભીતરનો રાજીપો"**

હું સપ્રેમ સમર્પિત કરું છું.

- વિજય શાહ

# અંતરની વાત

મોટા ભાગની રચનાઓ ટૂંકા સમયમાં, વધારે પ્રયત્નો વિના અને શબ્દોની શોધખોળ વિના સહજ રીતે લખાઈ છે.

મારી રચનાઓના આવિર્ભાવમાં મારો જૈન દર્શનનો શ્રદ્ધાસહિતનો સ્વાધ્યાય અને માતૃભાષા ગુજરાતી માટેનો પ્રેમ અને લગાવ કારણભૂત બન્યાં છે. જ્યારે-જ્યારે જે-જે વિષયનો સ્વાધ્યાય કે વાચન ચાલતાં હોય અને તેનું મનન-ચિંતન થતું હોય ત્યારે તે-તે વિષયમાં સહજ રીતે મનમાં શબ્દો ગુંજતા હોય તેની ગૂંથણી ગેય રીતે ગ્રથિત થઈ છે. ગુજરાતી ભાષાના શબ્દોની અનુભૂતિ અને અસર મારાં મુખ્ય બળો પૈકીના મુખ્ય-બળ કહી શકાય !

આજદિન સુધી સાંભળેલાં, વાંચેલાં, સ્મૃતિપટમાં સચવાયેલાં કાવ્યો અને ગીતોના મૂળ ઢાળમાં જ રચનાઓ લખવાનો હેતુ સાંભળનારને તેની સાથે બહુ જ સરળતાથી અને સહજ રીતે જોડાઈને, વહીને

ભાવજગતમાં પ્રવેશ કરાવવાનો છે.

મારી તમામ રચનાઓ મારા ભાવજગતમાં જે રીતે આવિર્ભાવ પામી છે તેને "સમજણનું મૂળ, સ્વાધ્યાય" ગીત દ્વારા કહેવાનો નમ્ર પ્રયાસ કરું છું.

# સમજણનું મૂળ "સ્વાધ્યાય"

(ઢાળ : અપૂર્વ અવસર એવો ક્યારે આવશે)

૧. જે જે સમજણ વિકસી મુજ સ્વાધ્યાયમાં,
કહેવા યત્ન કર્યો છે મેં શુભ ભાવમાં.

૨. શ્રુતથી શ્રવણ કરીને સ્મરણમાં જે રહ્યું,
ચિંતન, મનન મથામણથી તે દૃઢ થયું.

૩. ચિત્તમાં સ્થિર થઈને આવ્યું ધ્યાનમાં,
શબ્દ સ્વરૂપે તે ગૂંથાયું ગાનમાં.

૪. વ્યાકરણ લેખન છંદ નથી અભ્યાસમાં,
રચી દીધું મેં તોયે સીમિત જ્ઞાનમાં.

૫. વાંચતાં સુણતાં ત્રુટિ જણાય જો આપને,
ભાવ હૃદયના ઓળખી માફ કરો મને.

૬. જિન આજ્ઞા વિરુદ્ધ કહેવાયું હોય જો,
ક્ષમા **વિજયને** બાળ ગણીને આપજો.

સમજણના વિકાસમાં દર્શન, શ્રવણ અને વાચનનો મહત્ત્વનો ફાળો હોય છે. શ્રવણ અને વાચન દ્વારા થતો સ્વાધ્યાય ધીમે-ધીમે ચિંતન, મનનમાં પરિણમે છે ત્યારે ભીતરમાં છુપાયેલા જ્ઞાન ખજાનાની ચાવી જડી આવે છે, પછી છંદ-અલંકાર-ઉપમા કે પ્રાસ ગૌણ બને છે અને શબ્દોમાં ઊતરે છે સ્વાનુભૂતિનો લય! ગીતમાં નીતરે છે ભીતરની ભીનાશ!

મારી રચનાઓમાં નાનીનાની સ્તુતિ, મારી ધર્મ વિશેની સમજણ, અધ્યાત્મ, આંતરિક પીડા, અનુભૂતિ, સંવેદના, ચિંતન-મનન, વૈરાગ્ય, ભાવજગત, ભક્તિ, જ્ઞાન, શ્રદ્ધા, પ્રાર્થના, કર્તવ્ય વગેરેની રજૂઆત કરવાનો આ નમ્ર પ્રયાસ કર્યો છે. મારો મુખ્ય ઉદ્દેશ "સ્વાન્ત સુખાય"નો છે.

મારો અભ્યાસ વિજ્ઞાનના વિદ્યાર્થી તરીકે અને વ્યવસાય એન્જિનિયર તરીકેનો હોવાથી જ્યાં-જ્યાં લખાણમાં ક્ષતિ કે ત્રુટિ જણાય તો સાંભળનાર અને વાંચનારની હું ક્ષમા માગી લઉં છું.

સહુ પ્રથમ હું મારી વિકાસયાત્રાના મૂળ પ્રેરકબળ તરીકે મારા ગાંધીવાદી સ્વ. પિતાશ્રી હઠીસિંગ શાહ ઉર્ફે ભિખુભાઈ, મારા જન્મદાતા માતુશ્રી સ્વ. હીરાબહેન, બાળપણથી જ મારાં માતુશ્રીના દેહાવસાન બાદ મારી કાળજી લઈને ઉછેર કરનારાં મારાં ધર્મનિષ્ઠ દાદીમા ગંગાબા તથા તેમની સાથે રહીને મારો સંસ્કારવારસો સચવાય તેવી રીતે મોટો કરનાર સ્વ. ફોઈબા હીરાબહેનનો આજીવન ઋણી છું અને આ સંપુટનું સમગ્ર ભાવજગત તેઓને સમર્પિત કરું છું.

શાળાજીવન દરમિયાન જે આદરણીય શિક્ષકોએ મારી જ્ઞાનપિપાસા સંતોષી નિસ્વાર્થ રીતે મને સાહિત્યસંસ્કારનો વારસો પીરસ્યો તેઓને આજરોજ હું મારા હૃદયમાં યાદ કરી નમસ્કાર કરું છું.

મારા સ્વાધ્યાયમાં ઊંડો રસ લઈ મારા ભાવજગતને પુષ્ટ કરનારા મારા આદરણીય ગુરુજી શ્રી ભદ્રબાહુસાહેબનો અત્યંત ઋણી છું. તેઓએ સ્વાધ્યાય દરમિયાન મારી શંકાઓ દૂર કરીને મારા ભાવજગતને વિસ્તાર્યું છે. ધીરજપૂર્વક મારી જ્ઞાનપિપાસાને અધ્યાત્મજગતથી પોષીને તેની ઉપરનાં ખોટાં આવરણો દૂર કરીને મારી સચ્ચાઈ અને શ્રદ્ધાને દૃઢ કરી છે. મારા જીવનને નવા આયામમાં ઢાળનાર કુશળ શિલ્પી કહું તો જરાયે વધું નથી.

મારા શબ્દજગતને સંગીતથી ગતિવંતું કરનારાં, જાણીતા સંગીતકાર ડૉ. શેફાલીબહેન શાહ, હેમંતભાઈ ભોજક તથા તેમના

સાથીકલાકારોનો હું હૃદયથી આભાર માનું છું. તેઓએ સંગીત દ્વારા મારી રચનાઓને ચેતનવંતી કરી મારી લેખનકળામાં શ્રદ્ધા દૃઢ કરાવી છે.

અગાઉ અલગ અલગ સમયે "મુક્તિના પંથે", "ભક્તિના પંથે", "અનાસક્તિના પંથે" તથા "વિરક્તિના પંથે" શીર્ષકથી લખાયેલી તમામ રચનાઓ એકસાથે "ભીતરનો રાજીપો" ગીત-સંપુટમાં સમાવવાનો આ નમ્ર પ્રયત્ન કરેલો છે.

સમગ્ર રચનાઓમાં જ્યાં જ્યાં જિનાજ્ઞા વિરુદ્ધ અજાણતાં પણ લખાયું હોય તો હું ક્ષમાયાચના માગું છું.

**વિજય હઠીસિંગ શાહ**

# પરમ પથના પ્રવાસે

સ્તવન, સ્તુતિ મંગલથી જીવાત્મા બોધિ સમ્યક સંબોધિની પ્રાપ્તિ કરી શકે છે, કારણ કે સ્તવના એ શબ્દોમાં ગૂંથાયેલી કવિતા કે પ્રાસાનુપ્રાસની છટા માત્ર નથી. એમાં સ્વાનુભૂતિનો ટંકશાળી રણકાર હોય છે, સ્વનું અનુસંધાન હોય છે.

ગીત, કાવ્ય અને છંદોબદ્ધ રચનાઓમાં ભાવોની અભિવ્યક્તિ અતિ સુંદર રીતે થઈ શકે છે. સાથે જ એ ભાવો અન્યના ભાવજગતને સ્પર્શી જાય છે. એમાં સ્વર અને શબ્દનો મેળ નિર્ભેળ બનીને સુજ્ઞ શ્રોતાના ચિત્તતંત્રને આંદોલિત કરે છે.

સ્વર અને નાદનું અનુસંધાન અસ્તિત્વની અનુભૂતિના માર્ગે દોરી જનારું કામ કરે છે એ નિર્વિવાદ વાત છે. ઋષિઓ, મુનિઓ અને સાધકોએ આ વાતને પુરવાર કરી છે. જોકે શબ્દ, છટા, પ્રાસ, અલંકાર, ઉપમા, તુલના, છંદ વગેરે અનેક પાસાંઓ રચનાને સૌન્દર્ય બક્ષે છે. બળૂકી બનાવે છે, પણ જ્યારે વિચારોનું વાવેતર ભીતરની ભોમકામાં પરમ તત્ત્વની પ્રેમાનુભૂતિના પાણી સાથે થાય છે ત્યારે માત્ર ને માત્ર હૃદયમાંથી ઊઠતાં આંદોલનો અક્ષરદેહ ધારણ કરે છે.

શબ્દ એ અશબ્દ સુધી પહોંચાડનાર સંવાહક છે. અક્ષર એ જ અક્ષયને પામવાનો પંથ બની રહે છે.

શબ્દની સાથે જ્યારે સૂરોનો મેળ સર્જાય છે ત્યારે ભીતરમાંથી અનુભૂતિનો રણકાર ઊઠે અને અનુભૂતિ જ્યારે અક્ષરોના આયનામાં ઊતરે છે કે શબ્દોમાં નીતરે છે ત્યારે જે સર્જાય છે તે સુંદર હોય છે, પછી એ ગીત હોય, કવિતા હોય, નિબંધ હોય કે પ્રેરણા હોય! સ્વાધ્યાય, અધ્યયન, વાચન, શ્રવણ આ બધી વાતો સ્વચિંતનને ભાથું પૂરું પાડે છે.

વિજયભાઈ હઠીસિંગ જેમની સાથે છેલ્લાં ચારેક વર્ષનો પરિચય ચિંતન-મંથન માટે સંવર્ધક બનતો રહ્યો છે. સ્વાધ્યાય દ્વારા સ્વને જાણવા, માણવા અને પામવાની મથામણ સતત કરતા રહ્યાનો સંતોષ પણ મનને હાશ-હળવાશ આપે છે. સ્વયં એન્જિનિયરિંગના વિદ્યાર્થી હોવા છતાંયે નાનપણથી ગુજરાતી ભાષાના વૈભવથી ચિરપરિચિત રહ્યા છે. ઘણાબધા વિષયોની ઊંડાણપૂર્વકની તલસ્પર્શી માહિતી ધરાવે છે, પણ જાણકારી ધરાવવાના આગવા અહંથી અળગા રહ્યા છે! વ્યવસાયિક આંટીઘૂંટીઓ અને આટાપાટામાંથી પસાર થતાં થતાં પણ પોતાનું આગવું ચિંતન જીવંત રાખવું; વિચારધારાને વધુ ને વધુ સ્પષ્ટતા તરફ દોરવી અને એની સાથોસાથ પોતાની પાસે જે કંઈ છે એનો સંવિભાગ કરવો, આ એક મજાનો અભિગમ છે.

મનગમતું મળે તો માંહે ના મૂકી દ્યો
પણ અન્યને વહેંચો, અન્ય સુધી પહોંચાડો!

આ જ સ્વાનુભૂતિ કે સાક્ષાત્કારનો અણસાર આપતો માર્ગ છે. કોઈને કશું પરાણે ન આપો! પરાણે પારકાને પમાડવાના પ્રયત્નો કરનારા અને એની વાતો કરનારા ઘણા બધા છે! આપણે એવું ના કરીએ પણ કોઈ માંગે કે મેળવવાની વાંછના પ્રગટ કરે તો બહુ સરળતાથી અને સહજતાથી પ્રદાન કરીએ! દાનને ક્યારેક દર્પનો સર્પ ડસી લે છે.. ફૂંફકારે તો ખરો જ ! જ્યારે પ્રદાનમાં પ્રેમળ-કોમળ હૈયાનો હરખભર્યો સ્પર્શ હોય છે.

- ભદ્રબાહુ વિજય

# ભક્તિની શક્તિ

'મુક્તિ શું અધિક તુજ ભક્તિ મુજ મન વસી;
જેહશું સબલ પ્રતિબંધ લાગો
ચમક પાષણ જેમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો, ખેંચશે.

પ.પૂ. ઉપાધ્યાયશ્રી શ્રી યશોવિજયજી મ.સા.ના અનુભૂતિના પ્રસ્તુત ઉદ્ગારો મોક્ષના સાધ્ય માટે ભક્તિરાગને સાધન બનાવી રહ્યા છે.

પ્રશસ્ત રાગ mediator છે. વિશ્રામ ભૂમિકાના સ્થાને છે; પણ પ્રયોજનભૂત છે; કાર્યસાધક છે.

ઉપમિતિકારની પણ સાક્ષી છે. "प्रिये प्रियं सदा कुर्युः स्वामि सेवका इति"

"માલિકને જે પ્રિય છે તેને સેવકો પ્રિય બનાવે છે."

ભક્તની વિશિષ્ટતા તે છે કે તે પ્રભુને દૃઢ નિર્ણયાત્મક ભાષામાં કહી દે છે કે,

"હે પ્રભુ ! તમે ત્યાગેલું જોઈએ છે."

ભક્તના આ આખા પાત્રમાં પ્રભુનો પ્રસાદ નિરંતર અવતરતો રહે છે. જેનાથી મુક્તિ ખેંચાઈને આવે છે.

આ જ લયનું સર્જન પ્રસ્તુત પુસ્તકમાં પ્રતીત થાય છે. ભક્તને સમજાય છે કે ફૂલને સુગંધ આપવામાં કંઈ પ્રયત્ન કરવો પડતો નથી. તેમ ભગવાનને સુખ આપવા માટે કંઈ પ્રયત્ન કરવો પડતો નથી. ભક્તિથી પાપક્ષય અને પુણ્યસંચય થાય છે.

સદ્ગુરુ રૂપી સૂર્યના જ્ઞાનરૂપી પ્રકાશથી આત્મામાં ચિદાનંદની મસ્તી છે અને વાસ્તવિકતાનું દર્શન થતાં સાધકને સમજાય છે કે,

- વિષય-કષાયો શરીરના હીરને ચૂસી લે છે.

• મનને અતૃપ્તિની આગમાં, સતત ઉત્તેજનામાં રાખે છે જે ત્રાસદાયક છે.

આત્માને આત્મઘરથી ભ્રષ્ટ કરે છે ને અનંત પરિભ્રમણમાં ઝીંકે છે. આટલી થચી સમજણ 'મોહની મૂઢતા'ના પ્રકરણમાં લેખકશ્રી સરળતાથી સમજાવવા તત્પર થયા છે. પણ મોહનીય કર્મની મલિનતા પણ બોધપાઠ લેવા દેતી નથી. નિષ્ફળતામાંથી પણ સમજણ લેવા દેતી નથી અને પરિણામ પરથીય પ્રક્રિયાનું મૂલ્યાંકન કરવા દેતી નથી.

આ બન્ને તત્ત્વોને લેખકશ્રીએ લેખનમાં ગૂંથી લેવાનો સચોટ પ્રયત્ન કરતાં કહ્યું કે

- ભક્તિયોગથી દુઃખ જશે.

- વિરક્તિના પંથે પગરણ પસારતાં પાપ જશે.

- અનાસક્તિના આંગણે મહાલતાં મુક્તિનો રસાસ્વાદ મળશે.

સાધકની આધ્યાત્મિક સમજણને પરિપક્વ કરવા માટે લેખકે સાધકને પ્રતિક્રિયા વખતે સાવધ રહેવાનું જણાવ્યું છે. ક્રિયા પૂર્વ આયોજિત હોય છે. તેનો Programme પણ હોય છે.

જ્યારે પ્રતિક્રિયા પૂર્વઆયોજિત હોતી નથી. તેનું Programming પણ હોતું નથી. તે સ્વાભાવિક નીકળે છે અને તે જ આપણો ચહેરો હોય છે દા.ત., પૂજાની વાટકી લઈ શું કરવું? પૂજા કરવી આના ઉપાયરૂપે ક્રિયા છે. હવે 'જ્ઞાનકળશ ભરી આત્મા' બોલતા હોઈએ ને કોઈનો ધક્કો વાગ્યો તો પ્રતિક્રિયા 'સમતારસ ભરપૂર' કે લાવારસ ભરપૂર આપો?

અહીં યાદ રહે કે જૈન શાસન પરિણતિને પ્રધાન માને છે ને પરિણતિ માટે પ્રવૃત્તિની અનિવાર્યતા પણ છે જ !

ભૂલ ભલે છદ્મસ્થતાનો અનુબંધ છે. સાધક પોતે તે છે કે જે ભૂલ બતાવનારને હિતેચ્છુ માને છે વચ્ચે ઔદયિકભાવથી તાણમાં અહંકાર, બચાવ, ખુલાસો, આક્રમણ, બહાનાંબાજી, આક્ષેપબાજી કરવા આવે તો પણ સાધકે પોતા પ્રત્યે ભીમ અને બીજા પ્રત્યે કાંત રહેવું જરૂરી છે.

જે બીજાની ભૂલ જુએ છે તે સજ્જનતાને ફેંકે છે અને જે પોતાની ભૂલ જુએ છે તે છદ્મસ્થતાને ફેંકી રહ્યો છે.

એમ સમજી આત્મભાવમાં સ્થિર રહેવું જરૂરી છે, કારણ કે અહંકારીને પચાસ અનુયાયી મળી શકે છે પણ એક હિતેચ્છુ મળવો દુષ્કર બને છે.

રાગમાં કેન્દ્રસ્થાને 'હું' છે. ભલે એમાં દેખાય બીજા પ્રત્યેની લાગણી. પણ જ્યાં સુધી 'હું' સલામત રહે છે ત્યાં સુધી એ સંબંધો ટકી રહે છે. ભૂલેચૂકે 'હું' ને જો ધક્કો લાગી જાય તો ગમે તેવા ગાઢ દેખાતા સંબંધોને પણ તૂટી જતાં વાર ન લાગે. ભલું હોય તો આજ સુધી પ્રેમાળ લાગતી સામી વ્યક્તિ દુશ્મન પણ લાગવા માંડે. જેના વિના મોઢે કોળિયો ઊતરતો ન હોય એ જ વ્યક્તિની ઉપસ્થિતિ મોઢે કોળિયો ઉતારવામાં પ્રતિબંધક બની જાય.

જ્યારે પ્રેમમાં કેન્દ્રસ્થાને 'હું' અને 'તું' બને છે. પોતાના જ સુખની ચિંતા નહીં, સામાના સુખની પણ ચિંતા પોતાના જ દુઃખનો ત્રાસ નહીં, પણ સામાના દુઃખનો પણ ત્રાસ, સુખ એકલા જ ભોગવી લેવાની વૃત્તિ નહીં, સામાને પણ એમાં સામેલ કરવાની પૂરી તૈયારી. દુઃખનાં સમયમાં પલાયનવૃત્તિ નહીં, પણ સહાયકવૃત્તિ! ટૂંકમાં 'હું'ને સાચવવાની પૂરી તૈયારી પણ 'તું'ના ભોગે નહીં! એ જ રીતે 'તું'ને ખુશ કરવાની પૂરી ગણતરી પણ 'હું'ની ઉપેક્ષા કરીને નહીં!

જ્યારે ભક્તિમાં કેન્દ્રસ્થાને માત્ર 'તું' છે. રાગથી બિલકુલ વિપરીત અવસ્થા. પોતાના અસ્તિત્વને ઓગાળી દેવાની પૂરી તૈયારી. માત્ર 'તું'ને જ પ્રસન્ન રાખવાની પૂરી તૈયારી.

અનાદિકાળથી જીવ રાગ અને પ્રેમમાં અટવાયો છે. પ્રેમની ભૂમિકા સાત્ત્વિક છે અને તે જ ભક્તિ તરફ દોરી જઈ શકે છે. રાગમાં સ્ટૅન્ડ નથી. રાગમાં ઐક્યતા આભાસિક દેખાય છે. જ્યારે ભક્તિ વાસ્તવિક ઐક્યતા તરફ આપણને લઈ જાય છે. વિતરાગના માપદંડે ચાલવાથી બહિરાત્મા અંતરાત્મા થઈને પરમાત્મા બની શકે છે.

કર્મકૃત સંસ્કારોમાં કારણતા છે, કારકતા નથી! તેથી આત્મા જો જાગ્રત થઈ જાય, સંસ્કારોની સામે ઝુંબેશ ઉઠાવે તો તે કર્મકૃત સંસ્કારો કાંઈ કરી ન શકે.

વિજયભાઈએ 'કર્મફળ' પ્રકરણની ૪૮ ગાથામાં ટૂંકી ને ટચ વાતો દૃષ્ટાંતથી સ્થિર કરી છે. દરેક પાઠશાળામાં દરેક બાળકોને ગેય પદ્ધતિમાં

આવો બોધ તેના કુમળા માનસમાં અંકિત કરી દેવામાં આવે તો તેનો વિપુલ લાભ ભાવિ પ્રજાને મળી શકે તેમ છે. આગળ વધીને દરેક મા-બાપ પોતાનાં નાનાં-મોટાં સંતાનોને આ ભણાવતાં પોતે પણ ભણીને આત્માર્થ સાધી શકે તેમ છે અને તેના ફળસ્વરૂપે અઢાર પાપોથી અનાયાસે દૂર રહેવાશે! આત્માર્થે જાગવાથી ઇન્દ્રિય જય સહજ અને સરળ બને છે. શ્રદ્ધાની પાછળ સંકલ્પનું બળ હોય તો સિદ્ધિ દૂર નથી. 'મારો સંકલ્પ' પ્રકરણમાં લેખકની સાધક તરીકે છાપ જણાય છે.

તમારો રસ એ તમારું જીવન બની જાય છે.

તમારું આકર્ષણ એ તમારું વ્યક્તિત્વ બની જાય છે.

તમારી રુચિ એ તમારી તાસીર બની જાય છે.

તમારી નજર એ તમારી અવસ્થા બની રહે છે.

આજના ભૌતિક, વિલાસી, નાસ્તિક વાતાવરણમાં આ ચારેને સુમધુર યોગ્ય વળાંક આપવા માટે પ્રસ્તુત પુસ્તક મરુભૂમિમાં કલ્પવૃક્ષની ગરજ સારશે. જો ગેયરૂપે આને કંઠસ્થ કરવામાં આવે તો ભાવવાહિતામાં સરકવાનું ખૂબ આસાન બની શકે તેમ છે અને તે માટે ડૉ. શેફાલી શાહ વગેરેનું યોગદાન ખૂબ આવકાર્ય બન્યું છે.

લેખકશ્રીએ જૂના ઢાળોનો ઉપયોગ કરીને પ્રાચીનતાના ગૌરવવંતા વૈભવને જાળવવાનો અનુકરણીય, અનુમોદનીય પ્રયત્ન કર્યો છે એવું નિઃસંકોચપણે કહી શકાય તેમ છે.

પ્રાંતે શાશ્વત નમસ્કારમંત્ર અને પ્રાયઃશાશ્વત ગિરિરાજની નતમસ્તકે વંદના કરનાર શાશ્વતના લયમાં પહોંચવાનો આયાસ બતાવી રહ્યા છે

સ્વાન્તઃ સુખાય માટે રચેલું આ સર્વાન્તઃ સુખાય માટે બને એ અભ્યર્થના સાથે વિરમું છું.

માગસર વદ-૪,બુધવાર
તા.૧૦/૧૨/૨૦૧૪

**લિ.પૂ.નીતિસૂરિ મ.સા.ના સમુદાયના**
**પ.પૂ.ગુરુદેવ સા.શ્રી મયૂરકલાશ્રીજી મ.સા.ના**
**શિષ્યા સાધ્વીજી નંદિયશાશ્રીજી મ.**

# 'અધ્યાત્મ'; ઉર્ધ્વગતિનો કાવ્યસંગ્રહ

જૈન દર્શનશાસ્ત્રના પ્રમાણથી આત્માનું સ્થાન માનવીના બંધારણના કેન્દ્રમાં છે. કાળક્રમમાં ચાલતા માનવ-જીવનની ઘટમાળથી આત્મા અલિપ્ત છે અને અબાધિત છે. આત્માનો આદિ અને અંત શક્ય નથી; તે સ્વયંભૂ છે. સ્વયંસિદ્ધ છે. સ્વયંપ્રકાશિત છે. આત્માનું અસ્તિત્વ સનાતન છે. માનવીના જીવનનું આ તત્ત્વ છે.

કર્માનુબંધી જીવનમાં અજ્ઞાન અને અવિદ્યા વધતાં જાય છે. પોતે કોણ છે તેનું સાચું જ્ઞાન માનવીને થતું નથી. પરિણામે આસક્તિ ઊપજે છે. આસક્તિની જાળમાં માનવી ગૂંચવાયેલો રહે છે. આ જાળમાં માનવી સાચું સુખ અને સાચી શાંતિ મેળવવા માટે અશક્ત બની જાય છે.

કર્મનાં મૂળ ખૂબ ઊંડાં અને ગહન હોય છે. માનવી પોતાના જીવનના કાર્યક્રમમાં કર્મો કરે છે. તે કર્મોથી કામમાં ભૂતકાળ ઘડાય છે અને ભૂતકાળમાં વધુ ને વધુ કર્મો સંચિત થયા કરે છે. આવાં સંચિત કર્મો આ જન્મમાં હોય ઉપરાંત પૂર્વજન્મનાં પણ હોય છે જ. આવા લાંબા કાળમાં થયેલા સંચિતકર્મોના પરિણામે આસક્તિ બંધાય છે.

આસક્તિથી વીંટળાયેલા જીવનમાં અશાંતિ, દુઃખ, ભય, શંકા અને અશક્તિ હોય છે. માનવી જ્યારે આ બધામાંથી છૂટવા માટે પ્રયત્ન કરે ત્યારે તેને કર્મનું બંધન અનુભવમાં આવે. આ બંધનમાંથી નીકળીને મુક્તપણે જીવવાનો અનુભવ કરવા મથે છે. આવો અનુભવ આંતરિક અને વ્યક્તિગત જ હોય. કર્મનિયંત્રિત જીવનને બદલે જીવનને આત્મનિયંત્રણ બનાવવાની ઉત્કટતા વધતી જાય. બંધનમાંથી મુક્ત થવાની જાગ્રતતા આવવા લાગે.

આ ધ્યેયને સિદ્ધ કરવાનો માર્ગ એટલે સાધના. સાધના ક્રમે ક્રમે થાય છે. ઉત્તરોઉત્તર એ ઊર્ધ્વગામી છે. સાધનાનાં સોપાન ચઢવા માટે આત્મસમર્પણ, શ્રદ્ધા, ધૈર્ય, નિષ્ઠા જેવા ગુણો અને

શક્તિઓ કેળવવાં પડે. સાધનાની શરૂઆત મનથી કે માનસિક જ્ઞાન અને પ્રયત્નોથી થતી નથી. સાધના માટે જીવનશક્તિ, પ્રાણશક્તિ અનિવાર્ય છે. પ્રાણનું બળ હૃદયમાં હોય છે અને હૃદયનું બળ પ્રેમ અને આત્મસમર્પણમાં વ્યક્ત થાય છે. પ્રેમબળનું પરિવર્તન ભક્તિમાં થાય છે. ભક્તિ એ સાધનાનું પ્રથમ પગથિયું છે. મુક્તિ એ સાધનાની સિદ્ધિ છે.

શ્રી વિજયભાઈ એક સાધક છે. તેમના આત્માની ઊર્ધ્વગતિનું આ નિરૂપણ છે. વિજયભાઈના આત્માના આરોહણનો આ સ્વાનુભવ છે. કાવ્યોમાં તે વ્યક્ત થાય છે એટલે આ શબ્દો દ્વારા થતા કથનો નથી પણ કાવ્યો દ્વારા વ્યક્ત થતાં હૃદયના ભાવ છે. ભક્તિથી મુક્તિ સુધીના ચઢાણમાં સમગ્ર સાધના સમાયેલી છે.

સાધનાની ગતિ હંમેશાં સરળ હોતી નથી. તેમાં અવરોધો અનેક આવે છે. માનવીનાં કર્મોના ઊંડાણમાંથી ઉદ્ભવતા પરિબળો વિરોધ કરે છે. સાધનામાં અવગતિ થાય છે. તેની સામે સ્વસ્થતા જાળવી રાખવા માટે શક્તિની જરૂર પડે છે. આવી શક્તિ નિષ્ઠા અને ભક્તિમાંથી આવે છે. સાધકે ઉન્નતિનાં પરિબળો કેળવવાં જ પડે. કામ, ક્રોધ, લોભ, મોહ. મદ, મત્સર જેવા ષડ્રિપુઓ સંપૂર્ણપણે નાશ ના પામે ત્યાં સુધી નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક આદર્શો જીવનમાં કેળવવા પડે અને આચરણમાં મૂકવાં પડે. અહિંસા, સત્ય, અસત્ય, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, આત્મસંતોષ, નિષ્ઠા જેવા ઉત્તમ ગુણો અને તેમાંથી ઊપજતી શક્તિઓ સાધનાની પ્રગતિને સતત પ્રેરે છે.

શ્રી વિજયભાઈનો આ કાવ્યસંગ્રહ તેમની સાધનાનો નિચોડ છે. તેમાં સાધનાનો પ્રકાશ છે. જે કોઈ સાધનાના પંથે પ્રયાણ કરતા હોય તેને તેમાંથી માર્ગદર્શન અને પ્રકાશ મળે તે નિશ્ચિત છે. વિજયભાઈ સાથે તેમનાં અર્ધાંગિની કમલિની પણ પોતાની અધ્યાત્મસાધના નિષ્ઠાપૂર્વક કરે છે. તે પણ તેમની સાધનામાં સહભાગી છે.

વિજયભાઈ સાથે અમારો આત્મીય સંબંધ છે. આ જન્મમાં સાથે મળવાથી કર્મોના પરિણામે ઘડાયેલો એ ઋણાનુબંધ નથી,

પણ હૃદયના શુદ્ધ સ્નેહના પાયા ઉપર નિર્ભર પ્રેમાનુબંધ છે. વિધિની ગતિમાં અમને મળેલું ઉદાર પ્રીતિદાન છે.

શ્રી વિજયભાઈની તપોમય સાધનાને અમારાં અનેક વંદન. તે દિવ્ય જ્યોતિર્મય આત્માને વંદન.

|| ॐ શાંતિઃ ||

# આશીર્વચન

વિજયભાઈ અને પ્રિય કમલિની,

તમારી સાધનાના નિરુપણનું જે પ્રતિબિંબ મારી ચેતનામાં પડ્યું તેનું આ આલેખન છે.

દરેક વ્યક્તિની સાધના વ્યક્તિના સ્વભાવને અનુરૂપ હોય છે. એટલે તેમાં વિવિધતા તો આવે જ છતાં ધ્યેય માત્ર "एकम् सत्" એક જ સત્ય છે. સત્ય તો એક જ હોય. તેનું દર્શન દૃષ્ટિ ઉપર આધારિત છે.

સાધનાની સિદ્ધિ સાધક ઉપર આધાર રાખે છે.

એટલે તમને સફળતા મળશે જ એવી શુભેચ્છા છે.

|| ॐ શાંતિઃ ||

**અરવિંદ જાની**

(યુ.એસ.એ.)

# અનુક્રમણિકા


૧. અંતરની વાત ........................................ ૪
૨. પંચ પરમેષ્ઠિને પ્રાર્થના .....નમસ્કાર મહામંત્ર ભાવાનુવાદ.૨૧
૩. મારી સ્તુતિ .....હે જિનજી હું નમું તને ........................ ૨૩
૪. વીરવંદના .....વંદન કરીએ વીર પ્રભુ તમને ..................... ૨૫
૫. મારી ભાવના .....કરું એવી ભક્તિ ................................ ૨૬
૬. શુભ ભાવ .....રાખજે તું શુભ ભાવમાં ચિત્ત ..................... ૨૯
૭. માનવ જીવન .....હે આતમા, તું ફર્યો કેટલું ..................... ૩૩
૮. જીવનજાગૃતિ .....હે જગતે વ્યવહારમાં .......................... ૩૫
૯. કર્મસત્તા .....ઉદયમાં ફળ તને કેવાં મળે ....................... ૩૭
૧૦. પદ્માવતી માતાને પ્રાર્થના .....મારી ચિંતા તમારે માથે....... ૩૯
૧૧. મનની માયાજાળ .....મનડું તારું મર્કટ સરખું..................... ૪૧
૧૨. જ્ઞાનનો મારગ .....જ્ઞાનનો મારગ.................................... ૪૩
૧૩. ભક્તિનો માર્ગ - શ્રદ્ધા .....ભક્તિનો મારગ છે શ્રદ્ધાનો.૪૫
૧૪. પાયાનો જૈન ધર્મ .....ભણો રે શ્રાવક જૈન ધર્મમાં .......... ૪૭
૧૫. મોહની મૂઢતા .....હે મોહરાયની કેવી શક્તિ ...................... ૪૮
૧૬. મુક્તક .....તનની શુદ્ધિ સ્નાનથી....................................... ૫૧
૧૭. વૈરાગ્ય પદ .....જીવન વિષમ કેવું તારું............................. ૫૩
૧૮. સહુ ધર્મમાં નિરાળો .....સહુ ધર્મમાં નિરાળો ..................... ૫૭
૧૯. પ્રભુ સાથે સંવાદ .....ભક્ત સંદેશો મોકલે ....................... ૫૯
૨૦. અઢાર પાપ-સ્થાનક પૃચ્છા .....ગુરુજી મને પહેલું પાપ ...... ૬૧
૨૧. શ્રી સંભવનાથ સ્તવન .....શ્રાવસ્તિના વાસી....................... ૭૫
૨૨. ચિંતન-મનન .....ભાવ વિના ક્રિયા કરી ............................ ૭૭
૨૩. પ્રભુ વિનંતી .....એટલી દો મને શક્તિ............................. ૮૧
૨૪. પ્રભુનો રંગ.....રગરગમાં પ્રભુ રંગ સમાયો ........................ ૮૩

૨૫. ઇન્દ્રિયજય .....ભલું થજો વાણીસંયમનું............................૮૫
૨૬. વીર પ્રભુની સ્તુતિ .....જયણાપૂર્વક જીવનારની.................૮૭
૨૭. ભજ ગોવિંદ - ભાવાનુવાદ
.....ભજ ગોવિંદને કૃષ્ણ તું આજ....................................૮૯
૨૮. બલસાણા વિમળનાથની સ્તુતિ .....મુખડાની માયા...........૯૩
૨૯. સમ્યક્ ભાવ .....મારો રહેજો સદા શુભમાં.......................૯૭
૩૦. ભીતરનો રાજીપો .....રાજી તો થયો રે મનવા.................૯૯
૩૧. દેહ દીપક .....મનખા દેહ છે દીપ સરીખો..................૧૦૧
૩૨. શત્રુંજય ગિરિ.....થયા મેરુ ને થયા આભલા................૧૦૨
૩૩. સાચા શ્રાવકની ઓળખ
.....સાચો શ્રાવક તેને રે કહીએ...................................૧૦૫
૩૪. પ્રાર્થના સૂત્ર .....જય વીયરાય સૂત્ર - ભાવાનુવાદ.........૧૦૭
૩૫. કૃપાદષ્ટિ .....કૃપાદષ્ટિ તારી દાખવી.............................૧૦૮
૩૬. હે જાગ રે માનવી .....હે જાગ રે માનવી....................૧૧૦
૩૭. કર્મફળ .....કર્મરાય ખત મોકલે...................................૧૧૨
૩૮. મારો સંકલ્પ .....હિંસા ચોરી કરું નહીં.........................૧૧૯
૩૯. મારી ભાવઆરાધના .....પંચેન્દ્રિયને નિગોદ વચ્ચે.........૧૨૦
૪૦. ક્ષમાપના .....ઉદયમાં આવ્યાં જે..................................૧૨૩
૪૧. શ્રાવક દિનચર્યા .....જાગ્રત શ્રાવક તેને રે કહીએ.........૧૨૪
૪૨. દીકરીને વળાવતાં .....દીકરી મારી વહાલનો દરિયો.......૧૨૭

# ભીતરનો રાજીપો

❊

રચના

**વિજય હઠીસિંગ શાહ**

પંચ પરમેષ્ઠિનું સ્મરણ સંતપ્ત મનને હાશ અને હળવાશ આપે છે. નમસ્કાર એ જ મંગલ છે. નમન એ શુભ અને શ્રેષ્ઠ તરફ ગમન છે.

નવકાર એ મંત્ર છે.

નવકાર એ તંત્ર છે.

નવકાર એ યંત્ર છે, કારણ ?

નવકાર સર્વતંત્ર સ્વતંત્ર છે..... માટે જ એમાં વ્યક્તિ નહીં પણ અભિવ્યક્તિ છે!

એમાં ગુણોનો આદર અને ગુણો પ્રત્યે બહુમાનની વાત છે.

# પંચ પરમેષ્ઠિને પ્રાર્થના

(નમસ્કાર મહામંત્ર ભાવાનુવાદ)

૧. અરિહંત નમું, હું સિદ્ધ નમું
આચાર્ય ઉપાધ્યાય નમું
આ લોકના સર્વ સાધુ નમું
પંચ પરમેષ્ઠિને ભાવથી નમું
પંચ પરમેષ્ઠિને કરું નમસ્કાર, પંચ.....

૨. સર્વ પાપોના તમે કરનારા નાશ
અમારા હૈયે પ્રભુ એક વિશ્વાસ
સર્વ મંગલમાં મંગલ નવકાર
પ્રથમ મંગલ તને કરું નમસ્કાર, પંચ.....

૩. સર્વ મંત્રોમાં મહામંત્ર નવકાર
એક જ મંત્ર અમે રટનાર
નિત ગણે જે મનથી નવકાર
ભવથી થશે એનો બેડો પાર
કહે વિજય એનો બેડો પાર, પંચ.....

પ્રભુના ગુણોનાં ગાન એ જ આપણને બનાવે ગુણવાન! માટે પ્રભુને શબ્દોના સાથિયાથી વાણીની વાંસળીએ વધાવો ત્યારે શું માંગો છો એની થોડી સતર્કતા રાખજો! શુદ્ધ તરફ જવાનો રસ્તો શુભમાંથી જ જડે છે. શુભ ક્યારેય બંધક કે પ્રતિબંધક બનતું નથી! શુભ સહજપણે સરી પડે... અને શુદ્ધનો ઉઘાડ થઈ જાય!

# મારી સ્તુતિ

(ઢાળ : ઓ ઈશ્વર ભજીએ તને)

૧. હે જિનજી હું નમું તને, ગાઉં તુમ ગુણગાન;
માગું પ્રભુ હું એટલું, કરો મને ગુણવાન.

૨. મુજને એવો રાખજો, રહું સદા નિષ્પાપ;
બુદ્ધિ એવી આપજો, કરું હું કદી ના પાપ.

૩. શુભમાં મુજ વૃત્તિ વધો, શુભ કર્મોની સાથ;
શુભની શુદ્ધિ સદા કરો, મારા જીવનમાં નાથ.

૪. સહુ જીવ હું સરખા ગણું, સહુને મુજ સમાન;
સહુમાં સિદ્ધને ઓળખી, પ્રેમથી કરું પ્રણામ.

૫. મૈત્રીભાવ મુજમાં રહો, વેરની ના કદી વાત;
ક્ષમાભાવ રાખું સદા, ક્ષમા યાચું હું તાત.

શ્રમણ ભગવાન મહાવીરના પાયાના ઉપદેશને અનુસરવાનો ઉદ્‌ઘોષ કરનાર ભક્તહૃદય એ પ્રભુના ઉપકારોની સ્મૃતિ અને ગાનથી ભાવવિભોર બની ઊઠે છે! પ્રભુએ ચીંધેલો માર્ગ, પ્રભુએ આપેલો ઉપદેશ અને પ્રભુએ પ્રરુપેલો મોક્ષમાર્ગ સ્પષ્ટ બનીને ઊભરે છે.

# વીર વંદના

(રાગ : ભૂપાલી)

૧. વંદન કરીએ વીર પ્રભુ તમને
વંદન કરીએ વીર પ્રભુ તમને... વંદન

૨. સિદ્ધારથ સુત ત્રિશલાનંદન
ભ્રાતા તમારા નંદિવર્ધન... વંદન

૩. કાયા જાણે નિર્મળ કુંદન
નયન તમારાં શીતળ ચંદન... વંદન

૪. અજ્ઞાનનું પ્રભુ કરી મુજ ખંડન
જ્ઞાનનું મુજમાં નિત કરો મંડન... વંદન

૫. અશુભ કર્મોનું કરી મર્દન
શુભ કર્મોનું કરો મુજ વર્ધન... વંદન

૬. વાણી તમારી જ્ઞાનનું સિંચન
કરુણાનું કરો આંખે અંજન... વંદન

૭. કહે **વિજય** પ્રભુ દેજો દરશન
સ્મરણે રહેજો હર મુજ સ્પંદન... વંદન

પરમાત્માની સ્તુતિ, વૃત્તિને વિખેરવા અને પ્રવૃત્તિને ખંખેરવા માટે કરવાની છે. પ્રભુ તો એવો દીવો કે જે ક્યારેય ઓલવાય નહીં કે હાલમડોલમ થાય નહીં! બસ એ દીવાની જ્યોત આપણા જીવનને ઝળાહળ બનાવી દે તો બેડો પાર! પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધાનો દીવડો વિકલ્પોના વાવાઝોડા વચ્ચે ભલે ધીમો જલે પણ જલતો રહે એ જરૂરી છે. આછું અજવાળું પણ અણસાર તો આપી જ દે છે!

## મારી ભાવના

(ઉપજાતિ છંદ)

૧. કરું એવી ભક્તિ, સહુ વૃત્તિ છૂટે,
મળો એવી શક્તિ, સહુ બંધ તૂટે;
થજો ચિત્ત બુદ્ધિ કે ઉપકાર સ્ફુટે,
કદી મારી શ્રદ્ધા, તુજમાં ના ખૂટે.

૨. મળો ને મને જ્ઞાન કેરો પ્રકાશ,
કરો મારી કુબુદ્ધિ કેરો વિનાશ;
તૂટો મારો મિથ્યાત્વનો મોહપાશ,
કરી દો કૃપા પૂરીને મારી આશ.

૩. દરશન પ્રભુ મુજને થાજો એવું,
સમ્યક્ સ્વરૂપે હર ચીજ જોઉં;
ના રાગ કે દ્વેષ મારાં હું જોડું,
અજ્ઞાન ને મિથ્યાત્વ હું તોડું.

૪. તપ મારું પ્રભુજી થાજો ને એવું,
જેમાં ન હોય એકે નિયાણું;
જેનું કદી હું કરું ના ગુમાન,
શુદ્ધ ને શુભમાં રહે મારું ધ્યાન.

૫. ચારિત્ર મારું થાજો ને એવું,
તપ જ્ઞાન દર્શન થકી જે ભરેલું;
ક્યાંયે ન પોષું એકે કષાય,
રહું પાપોથી હું દૂર સદાય.

૬. આચાર મારો થજો શુદ્ધ એવો,
રહું અહીં છતાંયે નિર્લેપ જેવો;
તનમનથી તપનો લઉ માર્ગ એવો,
ખપાવીને કર્મો, બનું તુજ જેવો.

૭. રહું આ જીવનમાં અસંગી બનીને,
બધી ઘટના જોઉં હું દ્રષ્ટા બનીને;
કદી હું ના જોડાઉં પરનો થઈને,
રહી નિજમાં હું મારો બનીને.

ચિત્ત ચડે ચકડોળે તો વિચારો મળે ટોળે! ચિત્તને જો મિત્ર બનાવવું હોય તો એને બહારના બંધિયાર ખાબોચિયામાં ધકેલવા કરતાં ભીતરના અનંત અસીમ આકાશમાં રમતું મૂકો! અવકાશ પણ અંતરમાં છે અને અજવાસ પણ અંતરમાં છે! બહાર શોધવાથી શું વળશે?

# શુભ ભાવ

૧. રાખજે તું શુભ ભાવમાં ચિત્ત,
વણમાંગે ફળ મળે સમુચિત.

૨. કર્મ કર્યાં દેહ વચન કે ચિત્ત,
ઉદયે ફળ આવે નિશ્ચિત.

૩. રાખજે હૈયે કરુણા વાસ,
પ્રભુજી પાસે તારો વાસ.

૪. રાખજે મન વીતરાગનું ધ્યાન,
મળશે તુજને સમ્યક્ જ્ઞાન.

૫. સહુ જીવોથી તું મૈત્રી ધાર,
પછી ના ભય તુજને તલભાર.

૬. જેને મન સહુ જીવ સમાન,
હિંસાનું ત્યાં હોય ન સ્થાન.

૭. જેનું મન ભીતરમાં જાય,
શાંતિ સનાતન તેને થાય.

૮. જેનું મન પરતત્ત્વમાં જાય,
શાંતિ તેની સદા હણાય.

૯. જે ધરતો બાહ્યાંતર વેશ,
ઉદ્ભવશે ત્યાં રાગ ને દ્વેષ.

૧૦. રાગદ્વેષથી જે દૂર જાય,
ઘણા પાપથી તે બચી જાય.

૧૧. જ્યાં સુધી તારો પરમાં યોગ,
પળ પળ દુઃખ તેનો વિયોગ.

૧૨. જ્યારે સાધે તું આતમયોગ,
થાશે ચિરકાળનો સંયોગ.

૧૩. જ્ઞાન મળેથી દર્શન થાય,
દર્શન થકી ચારિત્ર ઘડાય.

૧૪. રત્નત્રયીમાં રમજે સદાય,
મોક્ષમાર્ગમાં મળશે સહાય.

૧૫. જેને લક્ષ છે કેવળ વિત્ત,
ભક્તિમાં લાગે નહીં ચિત્ત;
ભક્તિ વિના મળશે નહીં ધર્મ,
ધર્મ વિના ખપશે નહીં કર્મ;
કર્મ ખપે નહીં ત્યાં સંસાર,
જન્મ-મરણના ફેરા અપાર.

જીવન એટલે જીવતરની જંજાળ, મરવાની માયાજાળ અને લખચોરાશીની ઘટમાળ! પાપોના પડછાયે ઝાંઝવાનાં જળ જેવાં સુખોને પામવાની જીદમાં માણસ શું શું નથી કરતો? જે મળ્યું છે તે મોંઘેરું છે, એ ભૂલી જઈને, ભ્રમણાઓની ભુલામણીમાં ભટકતા માનવીને શું કહેવું?

## માનવ જીવન

(ઢાળ : રાખનાં રમકડાં)

૧. હે આતમા, તું ફર્યો કેટલું, ભવભવ ક્યાં ભટકાયો રે,
લાખ ચોરાશી ફેરા ફર્યો ત્યારે માનવરૂપે પ્રગટ્યોરે ...હે

૨. દાન શીલ તપ ભાવ ધરીને, ધર્મ કદી નવ કીધો રે,
અમૃતનો પ્યાલો ઠુકરાવીને વિષનો ઘૂંટડો પીધોરે ...હે

૩. સઘળા પાપના મૂળ કષાયો, રાગ દ્વેષે તું મહાલે રે,
કર્મના બંધ થયા ત્યાં જે જે, ભવ ભવ સાથે ચાલેરે ...હે

૪. ધન દૌલત ને વાડી - વજીફા, કેટલું ખપમાં આવે રે,
શ્વાસ તૂટે ને દેહ છૂટે, પછી ખાલી હાથે જાવેરે ...હે

૫. માતપિતાને તરછોડી દઈ, અડસઠ તીરથ કીધાં રે,
પથ્થરને પૂજીને તેં તો, હીરા ફેંકી દીધારે ...હે

૬. કહે **વિજય** દુર્લભ તું ગણજે, માનવ જન્મને તારો રે,
કર્મ નિર્જરા કરજે નહીં તો ભવના ભ્રમણનો વારોરે ...હે

જીવન છે, જગત છે, માટે વ્યવહાર છે! પળેપળની જાગૃતિ એ જ જીવનને સમદ્ધ બનાવે છે. કંઈ પણ કરવાની ક્ષણોમાં જાગૃતિ જાળવવી, એ કર્મબંધથી અળગા રહેવાની કે હળવા થવાની ગુરુચાવી છે. જાગ્રત આત્મા જ જીવનનો વિકાસ સાચી દિશામાં સાધે છે.

# જીવનજાગૃતિ

(ઢાળ : પ્રભાતિયું - હે જાગને જાદવા)

૧. હે જગતે વ્યવહારમાં, જીવવું તો પડે;
કર્મ કરતાં સદા, સજાગ રહેવું... હે જગતે

૨. કર્મ કરવાં પડે, વિકલ્પ કોઈ નહીં;
કર્મની નિર્જરા, નિશ્ચે કરવી... હે જગતે

૩. જે જે કર્મો થતાં, તુજ થકી જીવનમાં;
તીવ્રતા તેહની, સદા ઘટાડવી... હે જગતે

૪. રાચીમાચી ને કોઈ, કર્મ કરવું નહીં;
ચીકણા કર્મનો, બંધ થાશે... હે જગતે

૫. કર્મ ફળ ઉદયમાં, નિશ્ચિતે આવતાં;
ભોગવે કર્મ સંચિત તુજ ઘટે... હે જગતે

૬. કર્મ ઘટતાં જશે, શુદ્ધિ તારી થશે;
અનુભૂતિ, કર્મ ખપતાં તને હશે... હે જગતે

૭. કર્મ સત્તા ઘણી, મોટી છે જગતમાં;
કર્મના ફળતણા ન્યાય માટે... હે જગતે

૮. જ્યાં સુધી કર્મ છે, ત્યાં સુધી;
જીવન છે, પૂર્ણ કર્મ ક્ષય થયે, મુક્ત તું થશે... હે જગતે

૯. કહે **વિજય** જ્યાં સુધી, કર્મ ઉદયે રહે;
ત્યાં સુધી સમતા, રાખવી ઘટે... હે જગતે

સૃષ્ટિના નિયામક તત્ત્વોમાં કર્મોની સત્તા સર્વોપરિ છે! કર્મ કરે છે મન-બુદ્ધિને અહંકારથી આવરાયેલો જીવાત્મા! કર્મ કરતી વેળાએ જો કાળજી રખાય તો આવનારા પરિણામ વખતે સ્વીકાર અને સંતુલન બન્ને સહેજે સાધી શકાય!

# કર્મસત્તા

(ઢાળ : ચિત્ત તું શીદને ચિંતા ધરે)

૧. ઉદયમાં ફળ તને કેવાં મળે, કર્મની સત્તા નક્કી કરે.

૨. જે જે કર્મો કીધાં છે તે તે, ભવભવ સાથે ફરે;
સંચિત થઈને તુજ જીવનમાં, સુખ-દુ:ખ રૂપે મળે ...કર્મની

૩. યોગ્યતાથી વધુ, કાળથી પહેલાં, કોઈને નવ મળે;
ન્યાય સર્વનો એના હાથમાં, ટાળ્યો કદી નવ ટળે...કર્મની

૪. આવળ-બાવળ વાવ્યાં તો પછી કાંટા કેવળ મળે;
આંબા-રાયણ વાવ્યાં હોત તો, મીઠાં ફળ તને મળે...કર્મની

૫. વિદ્યા તપ ને દાન જ્ઞાન જે ગુણિયલ થઈને કરે;
શીલ પાળીને ધર્મ કરે તેનો, માનવ ફેરો ફળે...કર્મની

૬. હિંસા ચોરી જૂઠ નહીં ને, અણહકનું નવ રળે;
પરિગ્રહનું પરિમાણ કરે તેનાં, વ્રત તપ નિયમ ફળે...કર્મની

૭. દેવ ગુરુને ધર્મની કૃપા, પુણ્યોદયથી મળે;
કરે આજ્ઞા પાલન શ્રદ્ધાથી, જીવન ઉત્તમ મળે...કર્મની

૮. કહે **વિજય** તું શુભમાં રહેજે, શુભ કર્મો તને ફળે;
અશુભથી જો દૂર રહીશ તો, મુક્તિ મારગ મળે...કર્મની

પાર્શ્વનાથપ્રભુની અધિષ્ઠાયિકા દેવી પદ્માવતી માતાનું શક્તિ સ્વરૂપ અને અનુગ્રહરૂપ ભક્તોની ભીડને ભાંગે છે! એક વાત સમજજો, દૈવી તત્ત્વોની ઊર્જાનો અહેસાસ કરવા માન્યતા કે બાધા-આખડી નહીં પણ ભીતરની શ્રદ્ધાનો સહેવાસ જોઈશે! વિશ્વાસ જ્યારે શ્વાસમાં ભળે છે ત્યારે ભીતરનું વિશ્વ ઝળહળે છે! આસ્થાનું આકાશ અનંત અને અસીમ હોય છે!

# પદ્માવતી માતાને પ્રાર્થના

(ઢાળ - મારી નાડ તમારે હાથ)

૧. મારી ચિંતા તમારે માથે મા સંભાળજો રે...
મુજને પોતાનો જાણીને મા તમે પાળજો રે...

૨. પદ્માવતીમાતા તમે સાચાં, કોઈ ઉપાય વિશે નહીં કાચા,
દુઃખની વેદના દૂર કરી સુખ આપજો રે... મારી

૩. અરજી મારી નહીં વિસારો, પડી બાજી મારી તમે સુધારો,
પાસા તમારે હાથે, બાજી જિતાડજો રે... મારી

૪. સાચું ખોટું હું કાંઈ ના જાણું, મમતા કેવળ માની પિછાણું,
માતા છો તો બાળ ગણી સંભાળજો રે... મારી

૫. ક્યાં કર્મ આવ્યાં મુજ આડાં, નાના જીવનમાં દુઃખના દહાડા,
દુઃખ કાપી સુખ શાતા મારી વધારજો રે... મારી

૬. દુઃખ પીડા દૂર ભાગી જાશે, સુખ શાતા મુજ હૈયે થાશે,
દિનદિન શ્રદ્ધા તુજમાં મારી લાવજો રે... મારી

૭. કહે **વિજય** મારું શું થાશે, દુઃખ મારું જો દૂર ના થાશે,
લાજ ભક્તની આજે મા તમે રાખજો રે... મારી

*મન, મોતી ને કાચ, તૂટતાંયે વાર નહીં.. તૂટ્યા પછી સંધાય નહીં! મનની માયાજાળ અજબગજબ છે! મલક આખાને મહોરાવી દે... તો ક્યારેક માહ્યલાંને સાવ મુરઝાવી દે! મન તો બાળક છે... 'લાડ' અને 'રાડ' બંનેની વચ્ચે રાખવું પડે! મનને વગોવો નહીં! મનને સમજવા, સમજાવવા માટેની કોશિશ કરો!*

# મનની માયાજાળ

(ઢાળ - વૈષ્ણવજન તો તેને રે કહીએ)

૧. મનડું તારું મર્કટ સરખું, સ્થિર ના રહે પળવાર રે,
કૂદતું અહીંતહીં સદાય ફરતું, ચંચળ તારા વિચાર રે ... મનડું

૨. સાચું ખોટું ને, તારું મારું, કરે તું વારંવાર રે,
રાજી નારાજીનાં મહોરાં, પળપળ તું ધરનાર રે ... મનડું

૩. મન પ્રેરે વિચારવા ચિત્તને, જન્મે ચિત્તમાં વૃત્તિ રે,
ફળશ્રુતિમાં ભળે પ્રવૃત્તિ, થાય નહીં નિર્વૃત્તિ રે... મનડું

૪. મન કારણ બંધન મુક્તિનું, સુખને સદા તે યાચે રે,
રાગ દ્વેષની આંગળી પકડી, આર્તધ્યાનમાં રાચે રે... મનડું

૫. મન જીત્યું તેણે જીત્યું સઘળું, જીત્યું જગત સમસ્ત રે,
અનાસક્ત થઈ રહે આનંદે, અનુભૂતિમાં મસ્ત રે... મનડું

૬. મન આનંદે મસ્ત બને તો, શબ્દોથી ના બોલે રે,
નિજની સાથે એકમેક થઈ, નિજાનંદમાં મહાલે રે... મનડું

૭. કહે **વિજય** તું નક્કી કરજે, ચિત્તવૃત્તિનો રોધ રે,
આતમયોગ થશે ત્યાં તુજને, નહીં પરનો અવરોધ રે... મનડું

*જ્ઞાન પામવા ગુમાનની ગાંસડી ખોલી નાંખવી પડે! ગાંઠો ઓગાળવી પડે! માન્યતાઓનાં મહોરાં ઉતારી દેવાં પડે! ગાંઠ છૂટવાની વેળા એટલે સાચી સમજણ પામવાની પળો! ગ્રંથિભેદ ના થાય તો અભેદની ઓળખ ક્યાંથી થાય? જ્ઞાનની સાર્થકતા સ્વને જાણવા તથા સ્વને પામવા માટે છે.*

# જ્ઞાનનો મારગ

(ઢાળ - વૈષ્ણવજન તો તેને રે કહીએ)

૧. જ્ઞાનનો મારગ છે પુરુષાર્થનો, કેવળ શ્રદ્ધા ન ચાલે રે;
તર્કવિતર્ક કસોટી કરતાં, સ્વાનુભૂતિમાં મહાલે રે ... જ્ઞાન

૨. નહીં કોઈ મત કે નહીં કોઈ વાડા, નહીં કોઈ નિશ્ચિત ગ્રંથ રે;
ચિંતન મનન મથામણ કરીને, થાવાનું નિર્ગ્રંથ રે... જ્ઞાન

૩. નહીં કોઈ કંઠી નહીં કોઈ માળા, નહીં તિલક નહીં વાઘા રે;
નહીં કોઈ વાદવિવાદ કે ચર્ચા, જે જ્ઞાનથી રાખે આઘા રે ... જ્ઞાન

૪. અલિપ્ત માર્ગ છે જ્ઞાન કેરો જ્યાં, સાધનામાં રમવાનું રે;
તારી શકે નહીં કોઈ જીવનમાં, જાતે ત્યાં તરવાનું રે ... જ્ઞાન

૫. સત્ય પ્રકટ કરવાના સાધન, કાળક્રમે બદલાતા રે;
સત્ય રહે છે સદા સનાતન, વહેતા કાળ અનંતા રે ... જ્ઞાન

૬. હર કોઈ દ્રવ્યને મૂળ સ્વરૂપે, જુએ છે સમ્યક્ જ્ઞાની રે;
રાગ દ્વેષ વિણ સત્ય પ્રકાશે તે છે કેવળજ્ઞાની રે ... જ્ઞાન

૭. પાપકર્મથી પાછા વાળીને, કરાવે પુણ્યમાં વાસ રે;
કર્મની સત્તાને સમજાવે, તે છે જ્ઞાન પ્રકાશ રે ... જ્ઞાન

૮. કહે **વિજય** બે રાહ છે સાચા, જ્ઞાન અને ભક્તિના રે;
શક્તિ પ્રમાણે યુક્તિ કરતાં, મળતાં ફળ મુક્તિના રે ... જ્ઞાન

શ્રદ્ધાનો દરિયો ખૂબ ઊંડો અને અગાધ છે. એમાં વિશ્વાસના વહાણ ચાલે. શંકા કે સંદેહના તરાપાનું કામ નહીં! માન્યતા એ બુદ્ધિની કસરતથી કેળવેલી પારકી મૂડી છે જ્યારે શ્રદ્ધા એ સ્વના રોમરોમથી ઊઠે છે માટે રૂડી છે! માન્યતા અને શ્રદ્ધા વચ્ચેનો ભેદ ઓળખી લેજો!

# ભક્તિનો માર્ગ - શ્રદ્ધા

(ઢાળ: હરિનો મારગ છે શૂરાનો )

૧. ભક્તિનો મારગ છે શ્રદ્ધાનો, તર્કનું ત્યાં નહીં સ્થાન જોને;
પરથમ પ્રભુના શરણે જઈને, ચરણે કરીએ પ્રણામ જોને ...ભક્તિનો

૨. સહુ સંકલ્પ ને વિકલ્પ મનમાં, જીવનમાં નવ ધરીએ જોને;
સઘળી ચિંતા પ્રભુને સોંપી, હળવા થઈને જીવીએ જોને ...ભક્તિનો

૩. જે કાંઈ ઘટતું નિત્ય જીવનમાં, પ્રભુની મરજી ગણીએ જોને;
દ્રષ્ટાભાવથી ઘટના નિહાળી, નિમિત્ત બનીને રહીએ જોને ...ભક્તિનો

૪. દુ:ખ શોક ભય પીડા આવે, કર્મ ઉદયમાં ગણીએ જોને;
સંચિત કર્મ ખપે છે મારાં, એવો ભરોસો ધરીએ જોને ...ભક્તિનો

૫. કસોટી ભક્તની ક્ષણક્ષણ આવે, હસતે મોઢે સહીએ જોને;
પાર ઉતારશે પ્રભુજી નક્કી, એમાં શંકા ન કરીએ જોને ...ભક્તિનો

૬. સરળ માર્ગ છે ભક્તિ કેરો, મુક્તિમાર્ગ જવાનો જોને;
જ્ઞાનક્રિયા કદી ઓછાં પડે તોયે, નક્કી તું તરવાનો જોને ...ભક્તિનો

૭. મીરાંબાઈને જેણે તાર્યાં, તાર્યા નરસિંહ મહેતા જોને;
કહે **વિજય** પ્રભુ કદી ના ચૂકે, ભક્ત જો શ્રદ્ધાવંત જોને ...ભક્તિનો

જૈનધર્મની પાયાની વાતો જો ગુરુચરણોમાં બેસીને શ્રદ્ધા-ભક્તિ અને સમજણના સાતત્ય સાથે ગ્રહણ કરવામાં આવે તો ચોક્કસ આત્મકલ્યાણની કેડી કંડારાઈ જાય છે!

# પાયાનો જૈન ધર્મ

(ઢાળ : પઢો રે પોપટ રાજા રામના)

૧. ભણો રે શ્રાવક જૈન ધર્મમાં, ગુરુ જ્ઞાની ભણાવે,
પાસે બેસાડીને પ્રેમથી, રૂડી પેરે સમજાવે ...ભણો રે

૨. સ્થળ કાળ ક્ષમતાને ઓળખી, તારી શક્તિ ઉઘાડે,
પાત્રતા તારી જાણીને, અંતર દ્વાર ઉઘાડે...ભણો રે

૩. આગમ નિર્યુક્તિ ભાષ્યને, ટીકા ચૂર્ણી સમજાવે,
કેવળજ્ઞાનીની દૃષ્ટિથી, મારગ મુક્તિ બતાવે ...ભણો રે

૪. વીરપ્રભુની સુણી દેશના, સુધર્માસ્વામીએ જાણી,
જંબૂસ્વામીએ ગ્રહી તેહને, આપણા સુધી તે આણી ...ભણો રે

૫. કહે **વિજય** સુણજો ધ્યાનથી, ગુરુ ભગવંતની વાણી,
સમજી ઉતારો હૈયા મહીં, ઉપકારી તેને જાણી ...ભણો રે

મોહ માણસને મૂઢ બનાવે છે. મોહની માયાજાળનું મંડાણ થાય છે મુગ્ધતામાંથી અને છેવટે માણસ મૂઢતાના માંડવે પહોંચી જાય છે. સાક્ષીભાવનો સથવારો માણસને મૂઢ બનતાં રોકે છે. મોહ એક અંધાપો છે જે દૃષ્ટિને વિકૃત બનાવે છે. મિથ્યા બનાવે છે.

## મોહની મૂઢતા

(ઢાળ : રાખનાં રમકડાં)

૧. હે મોહરાયની કેવી શક્તિ, લાવે ઘણી જે આસક્તિ રે;
જે જે વ્યક્તિ તેમાં ડૂબતી પીડા કર્મની નડતી રે... હે મોહરાય

૨. સહેજે આવતી ને રુચતી જાતી, કાળક્રમે દઢ થાતી;
ભળી જતી તારી મતિમાં ને, ખબર ન તેની રહેતી રે... હે મોહરાય

૩. આવે ત્યારે તને મુગ્ધ બનાવી, મોજમજા તે કરાવે;
કર્મ ઉદયમાં લાવી તુજને, સાનભાન ભુલાવે રે... હે મોહરાય

૪. આસક્તિ આવ્યા પછી તેની, ઝટ ના થતી પ્રતીતિ;
તન મનની શાતા હણી તારી, મૂઢમતિ કરી દેતી રે... હે મોહરાય

૫. સઘળાં કર્મના બાપ સમો તે, અગણિત પાપ કરાવે;
કર્મ બંધની બેડીથી જકડી, ચડાવે ભવચકરાવે રે... હે મોહરાય

૬. વિવેકથી વિમુખ કરીને, ભુલાવે ધ્યાન ને ભક્તિ;
અશુભ કર્મ કરાવી તુજથી, રોકે તારી સદ્ગતિ રે... હે મોહરાય

૭. સંતતિ સંસાર ને સંપત્તિ, કરાવે મોહની ભરતી;
રાગ દ્વેષને ખેંચી લાવી, કરતાં તારી પડતી રે... હે મોહરાય

૮. મોહરાય મનને કરે આંધળું, સઘળું ધૂંધળું દેખે;
અથડાતું કૂટાતું ભટકે ને, કશું ના લાગે લેખે રે ... હે મોહરાય

૯. હાસ્ય, ક્રોધ, ભય, લોભ, જુગુપ્સા, મોહતણી છે નિયતિ;
શ્રદ્ધાથી વિચલિત કરી તુજને, ગમા અણગમાની વૃત્તિ રે... હે મોહરાય

૧૦. મોહોદય આવ્યો જાણીને, સહેજે નવ જોડાયે;
દષ્ટાભાવથી વહી જાય તો, તેમાં ના લેપાયે રે... હે મોહરાય

૧૧. કહે **વિજય** તું મોહને જીતવા, કરજે પ્રભુની ભક્તિ;
દુર્ગતિ તારી ટળી જશે ને, ફળશ્રુતિમાં મુક્તિ રે... હે મોહરાય

કોની શુદ્ધિ શેનાથી? આ સરસ વાત પ્રસ્તુત મુક્તકોમાં વહેતી મુકાઈ છે! મેલા તનને રોજરોજ ઉજ્જ્વળ કરતો માનવી વિચાર, આચાર, વહેવાર અને વાણીની શુદ્ધિ માટે જાગ્રત બની જાય તો સત્યના સાક્ષાત્કારનો મારગ આવી મળતાં વાર ના લાગે!

# મુક્તક

(દુહા)

૧. તનની શુદ્ધિ સ્નાનથી, ધનની શુદ્ધિ દાન;
મનની શુદ્ધિ જ્ઞાનથી, આતમ શુદ્ધિ ધ્યાન.

૨. ક્ષમાથી શુદ્ધિ ક્રોધની, ઉદર શુદ્ધિ ઉપવાસ;
જ્ઞાનની શુદ્ધિ ગુરુ થકી, શ્રુત શુદ્ધિ સ્વાધ્યાય.

૩. વ્યાપારની શુદ્ધિ નીતિ થકી, સંવરથી આશ્રવ શુદ્ધ;
શુદ્ધિ વિવેકથી, આચારે જીવન શુદ્ધ.

૪. શ્વાસથી અધિકો સહુ ગણે, મૂક્યો અન્યે વિશ્વાસ;
ભંગ કરે જે તેહનો, તેનો વિષમાં વાસ.

૫. માગમાગ કીધા કર્યું, દીધું કદી નહીં દાન;
લાલચમાં વળગી રહ્યો, નક્કી નીચું સ્થાન.

૬. જન શોભે સંસ્કારથી, નહીં કે મોટા સ્થાન;
તરસ છીપે એક પરબથી, નહીં દરિયાનું માન.

૭. શ્વાન બિરાજે ગજ ઉપર, બેસે અંબાડી માંહ્ય;
ધ્યાન જતાં એક હાડકે, કૂદી પડે તત્કાળ.

૮. સંસારે રહેવું પડે, રહેવું દ્રષ્ટાભાવ;
કર્મ અશુભ દૂરે કરી, શુભ કરવાની વાત.

૯. મનથી સાચા જે ભજે, અહર્નિશ ભગવાન;
ભાગ્યવાન તેહને ગણો, થાશે સાચું જ્ઞાન.

૧૦. દૂર રહેવું હિંસા થકી, સહુ જીવ આપ સમાન;
સ્મરણે **વિજય** તું રાખજે, વીર પ્રભુનું ધ્યાન.

*જીવન ક્યારેક ઝાકઝમાળમાં ઝંખવાઈ જાય તો ક્યારેક કામનાઓના કાટમાળમાં દટાઈ જાય! પણ જરી નિરાંતની બે ઘડી મેળવીને જીવનની જંજાળને પરખંદી નજરથી જુઓ તો ખરા! 'શું આ જ જોઈતું હતું? આ જ મેળવવું હતું? અહીં જ પહોંચવું હતું?' થોડીક મુલવણી કરો!*

# વૈરાગ્ય પદ

(ઢાળ : મૈત્રીભાવનું પવિત્ર ઝરણું)

૧. જીવન વિષમ કેવું તારું, તેમાં ધ્યાન કેળવજે રે;
રૂડું છે કે ભૂંડું એનું, ઊંડું જ્ઞાન મેળવજે રે...જીવન

૨. જ્યાં સુધી તારાં પદ ને પ્રતિષ્ઠા, ત્યાં સુધી દેશે માન રે;
ઊતરીશ જેવો પદથી નીચે, જાશે માન-ગુમાન રે...જીવન

૩. જ્યાં સુધી ધનની ઉપાર્જન શક્તિ, કરશે કુટુંબ ભક્તિ રે;
ઘડપણ આવે થશે અશક્તિ, ટાળવા કરે સહુ યુક્તિ રે...જીવન

૪. સંપત્તિ કોટિની છોડીશ તોયે, કોઈ ના રાખે યાદ રે;
જેને ઓછું મળ્યું તે સઘળાં, કરશે ત્યાં ફરિયાદ રે...જીવન

૫. જેના માટે ઘરબાર વસાવ્યાં, પોષ્યાં સહુને રસથી રે;
ઘરની બહાર તે સહુ કોઈ કાઢે, મટાડે તારી હસ્તી રે...જીવન

૬. જે ઘરવાળી નિત્ય કહે તને, તુમ વિણ હું છું અનાથ રે;
એક જ પળમાં તે બદલાશે, છોડશે તત્ક્ષણ સાથ રે...જીવન

૭. મરણ પહેલાં તારાં જે સ્વજનો, કરતાં પ્રેમ દેખાય રે;
અડશો તો હવે અભડાશો, એમ કહેતાં નવ ખચકાય રે...જીવન

૮. માતપિતા ભ્રાતા ને ભગિની, સુત દારા નાવે સાથે રે;
એક જ સૂરે સહુ કોઈ બોલે, લઈ લો સ્મશાન ઘાટે રે...જીવન

૯. ઠાઠમાઠ ને સાહ્યબી તારી, કેવી નઠારી છે જોજે રે;
આતમ સાથ મૂકે ત્યારે તું, તારી નનામી જોજે રે...જીવન

૧૦. હીરા મોતી ને પાના કેરા, કંઠે ભલે સજે હાર રે;
સહુ શણગાર ઉતારી લઈને, દેશે ફૂલના હાર રે...જીવન

૧૧. હીર-ચીર ને રેશમ કેરા, વસ્ત્ર સજે તું સદાય રે;
મોંઘાં વસ્ત્રો ઉતારી લેશે ને, ધોળું કફન દેવાય રે...જીવન

૧૨. તાંબા કાંસા ને પિત્તળ કેરાં, પાત્ર ગણ્યાં ના ગણાય રે;
કેવળ માટીની કાળી દોણી, તારા માટે લવાય રે...જીવન

૧૩. મોટી હવેલીના મેડે તું સૂવે, સેવામાં ઘણા દાસ રે;
સ્મશાને કાષ્ટ ઉપર સુવાડે, ડાઘુઓ વચ્ચે વાસ રે...જીવન

૧૪. અગ્નિદાહ દઈ ઘેર આવી જે, તારા નામનું નાહશે રે;
રાત પડે તારાં નામાં ઉઘાડીને, લેણાં દેણાં જોશે રે...જીવન

૧૫. દિવસે શોક બતાવવા માટે, પોક મૂકીને રડતાં જે;
કેટલી પૂંજી મૂકી ગયો તેનો, હિસાબ ગણવા માંડતા તે...જીવન

૧૬. પૂજાપાઠ ને બેસણાં બારમા, કરશે રંગે-ચંગે જે;
મૂડીના ભાગલા કરતી વેળા, તે તો ચઢશે જંગે રે...જીવન

૧૭. ભીંતે તારી છબી ટાંગીને, ધરશે સુખડની માળ રે;
કામકાજમાં વ્યસ્ત થશે ને, ભૂલશે વીતતાં કાળ રે...જીવન

૧૮. વૈદ મંત્રી જોશી ને કાજી, પૂછી જેને તું ચાલે રે;
યમનું તેડું આવે ત્યારે, કોઈનું નહીં ત્યાં ચાલે રે...જીવન

૧૯. કમાયો જે તું સારી જિંદગી, કર્યાં ઘણાના કામ રે;
આંખ મીંચાશે ને દુનિયા લૂંટાશે, ભૂંસાઈ જાશે નામ રે...જીવન

૨૦. કમાણી તારી થઈ કેવી જો, લઈ શકે ના કશું સાથ રે;
ભેગું કરેલું થયું બીજાનું, કર્મે છોડ્યો ના સાથ રે...જીવન

૨૧. કમાણી કરજે શુભ કર્મની, સંચિત થઈ સંગાથે રે;
કહે **વિજય** આ સત્ય સનાતન, ભવભવ તારી સાથે રે ....જીવન

ધર્મની વાતોને રોજબરોજ જીવાતા જીવનમાં વણવાની પ્રક્રિયા જ જીવનને ધર્મમય બનાવે છે. ધર્મ જીવવાની રીત હોય તો સદ્‌ગુણો અને સંસ્કારોથી આસપાસ સમૃદ્ધ બને છે! અને સમગ્ર સૃષ્ટિ સોહામણી સર્જાવા માંડે છે.

# સહુ ધર્મમાં નિરાળો

(ઢાળ : સારે જહાં સે અચ્છા)

૧. સહુ ધર્મમાં નિરાળો, જિન ધર્મ લાગે પ્યારો પ્યારો;
જીવો ને જીવવા દો - સાથે મળીને ચાલો ચાલો ...સહુ

૨. સહુ જીવ સરખા જાણી, હિંસા સદા નિવારો;
જ્યાં વાત કરુણા કેરી, દયાભાવને વધારો-વધારો ...સહુ

૩. જ્યાં દુશ્મની ન કો'ની, મૈત્રી સદા વધારો;
જ્યાં રાગ દ્વેષ છોડી, ઘણાં કર્મબંધ ટાળો-ટાળો ...સહુ

૪. અનેકાંતવાદ સમજી, સઘળા વિવાદ ટાળો;
જીવનમાં જ્ઞાન માટે પુરુષાર્થને વધારો - વધારો ...સહુ

૫. ધન-ધાન્ય વહેંચતા રહી, આસક્તિને ઘટાડો;
નિર્જરા કરીને તપથી, કર્મો બધાં ખપાવો-ખપાવો ...સહુ

૬. ઉરમાં ક્ષમાને રાખી, સહુ જીવને ખમાવો;
સત્કર્મો કરતાં રહીને, પરલોકને સુધારો - સુધારો ...સહુ

૭. સુણી સદ્‌ગુરુની વાણી, મનથી સદા વધાવો;
સંઘર્ષમાં ટકી જઈ, કદી હાર ના સ્વીકારો - સ્વીકારો ...સહુ

૮. પાળીને વ્રતનિયમ સહુ, સંયમ સદા વધારો;
પ્રભુ વીરના ચરણમાં શ્રદ્ધા વિજય વધારો - વધારો ...સહુ

પ્રભુને પોંખવા માટે, જગદીશ્વરને જોવા માટે માનવી તીરથ જાય, જંગલોમાં ને પહાડોની વચ્ચે આથડે! ગુફાઓ અને શિખરો ખૂંદી વળે પણ પ્રભુનો અણસાર સરખો ના સાંપડે ત્યારે એનું હૈયું ભારોભાર થાક અને હતાશા અનુભવે છે. એવે વખતે અંદરથી આવતો એક સાદ પ્રભુની પિછાણ આપી જાય છે!

# પ્રભુ સાથે સંવાદ

(ઢાળ: ચોખલિયાળી ચૂંદડી)

૧. ભક્ત સંદેશો મોકલે મને દર્શન ક્યારે દેશો રે,
ફરી વળ્યો હું હર જગ્યાએ, મુજને ક્યારે મળશો રે ... ભક્ત.

૨. મંદિર - મસ્જિદ હું જઈ આવ્યો, તીરથ મૂક્યાં ના બાકી રે,
ક્યાંય મળ્યા નહીં તમે પ્રભુજી, હવે ગયો હું થાકી રે ... ભક્ત.

૩. ઘરે આવ્યો હું નિરાશ વદને, સાંભળ્યો અનુપમ સાદ રે,
હું તો તારા દિલમાં વસીયો, શાનો કરે ફરિયાદ રે? ... ભક્ત.

૪. મુજને કેમ નથી તું જોતો, હું હાજર હર શ્વાસ રે,
શ્રદ્ધાના અજવાળે જોજે, પછી પડશે વિશ્વાસ રે ... ભક્ત.

૫. કર્મના પડળો તારા હૈયે, કેમ કરી મને જોઈશ રે,
તોડીશ જ્યારે કર્મનાં બંધન, તત્ક્ષણ તું નિહાળીશ રે ... ભક્ત.

૬. કહે **વિજય** પ્રભુ ઘટઘટ વ્યાપ્યાં, પ્રભુ વિણ કોઈના સ્થાન રે,
જડ ને ચેતન સઘળે બિરાજે, સહુને કરું પ્રણામ રે ... ભક્ત.

અઢાર પાપ-સ્થાનક એટલે અઢાર પ્રકારનાં પાપોના આચરણ દ્વારા રોજબરોજના જીવનમાં સમસ્યાઓ સર્જીને આ ભવમાં પીડા વેઠવી અને આવનારા જન્મોમાં હાથે કરીને દુર્ગતિને કંકોતરી લખવી! પાપોની મજા અંતે તો સજાનાં પરિણામ આપે છે!

## અતિપાપયુક્ત અકાર્યો

હિંસા–જુઠ–ચોરી–મૈથુન–પરિગ્રહ આ પાંચને બહુ મોટાં પાપ બતાવ્યાં છે. શરીરની સુખાકારિતા અને મોજમજા માણવાની લાલસામાં ડૂબી ગયેલો માનવી મહાપાપોની પ્રતિક્રિયાથી બચી શકતો નથી. આમ તો દરેક પ્રવૃત્તિ હિંસાનો આશરો શોધે છે. ઓછાવત્તા અંશે પણ! માટે વૃત્તિ અને પ્રવૃત્તિની ભેદરેખાને ઓળખો, ચાલો, વધુમાં વધુ પ્રમાણમાં આ પાંચ વ્રતોનો આશ્રય લઈને હિંસાથી બચીએ.

# અઢાર પાપ-સ્થાનક પૃચ્છા

(ઢાળઃ માત કુંતા અભિમન્યુને બાંધે રાખડી રે..)

## પ્રાણતિપાત (હિંસા)

૧. ગુરુજી મને પહેલું, પાપ-સ્થાનક સમજાવજો રે...
પહેલું પાપ પ્રાણાતિપાત,
જેમાં હિંસા તણો પ્રતિઘાત;
દ્રવ્ય ને ભાવથી હિંસા થાય,
અલ્પ આયુષ તારું બંધાય;
દર્શન-જ્ઞાન ચારિત્રનો નાશ,
રોગનો તુજમાં થાશે વાસ;
અહિંસા વ્રત લે ગુરુ સાખ,
મૈત્રી સહુ જીવ પ્રત્યે રાખ;
પહેલા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને પહેલું, પાપ-સ્થાનક સમજાયું રે...

## મૃષાવાદ (અસત્ય)

૨. ગુરુજી મને બીજું, પાપ-સ્થાનક સમજાવજો રે...
બીજું પાપ છે મૃષાવાદ,
જૂઠી વાણી ને ખોટી સાખ;
વૃથા વચન થશે
સદાય,મુખના રોગ શશે ઘણાય;
ક્રોધ ને ભય થકી તે બંધાય,
લોભ ને હાસ્યથી પણ થાય.
હિત-મિત વાણી રે બોલાય,
સત્ય વચનનો લેજે સાથ.
બીજી પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને બીજું, પાપ-સ્થાનક સમજાયું રે...

## અદત્તાદાન (ચોરી)

૩. ગુરુજી મને ત્રીજું, પાપ-સ્થાનક સમજાવજો રે...
ત્રીજું પાપ અદત્તાદાન,
ચોરીનું કૃત્ય તેમાં પિછાન;
અણહકમાં રાખે તું ધ્યાન,
લીધાં રજા વિના ધનધાન;
દુઃખથી હૈયું ઘણું ઘવાય
તારા હક તેથી છીનવાય;
છોડજે ચોરી તણું આ પાપ,
સંમતિ વિના ના લેશો આપ;
ત્રીજા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને ત્રીજું, પાપ-સ્થાનક સમજાયું રે...

## મૈથુન (અબ્રહ્મ)

૪. ગુરુજી મને ચોથું પાપ-સ્થાનક સમજાવજો રે...
ચોથું મૈથુન કેરું પાપ,
સંયમ ચૂકી ગયાની છાપ;
કામમાં વધતો જાતો રાગ,
તેથી હિંસા થતી અથાગ;
વધતો જેનાથી સંસાર,
પાપનો પાયામાં આધાર;
લઈને સંયમ કેરો રાહ,
રાખજે શિયળ વ્રતની ચાહ;
ચોથા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને ચોથું, પાપ-સ્થાનક સમજાયું રે...

## પરિગ્રહ (મમત્વ)

૫. ગુરુજી મને પાંચમું, પાપ-સ્થાનક સમજાવજો રે...
પાંચમું પરિગ્રહ કેરું પાપ,
મૂળમાં છે આસક્તિ અમાપ;
ચારે બાજુથી સંગ્રહ કરાય,
જડમાં મન રમતું જણાય;
લોભથી ભય વધતો સદાય,
સમવિભાગ ગણી કર દાન;
સમ્યક્ સમજણ એવી રાખ,
પરિગ્રહમાં કંઈ નાવે સાથ;
એવા પાંચમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને પાંચમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## કષાય અને રાગ-દ્વેષ

કષાયો સંસારના મૂળ છે, સમસ્યાઓની જડ છે. રાગ અને દ્વેષ આ બંને એવો નશો છે કે જેમાં ડૂબેલો માણસ સાનભાન ભૂલીને અકાર્યોમાં અટવાય છે! ગુસ્સો, અહંકાર, કૂડ-કપટ અને લોભ-લાલચની સાથે જ્યારે આસક્તિ અને દ્વેષ ભળે છે ત્યારે 'કારેલું ને લીમડામાં વઘારેલું' જેવો ઘાટ સર્જાય છે.

પાપનાં આ અગિયાર પોટલાંઓ આત્માને વધુ ભારે બનાવે છે અને ભાર ડુબાડે છે.

## ક્રોધ (ગુસ્સો)

૬. ગુરુજી મને છઠ્ઠું, પાપ-સ્થાનક સમજાવજો રે...
છઠ્ઠું પાપ તે ક્રોધ ગણાય,
તપજાપ તારાં એળે જાય;
સંયમનો ત્યાં નક્કી વિનાશ,
ખૂલે ઘોર નરકનાં દ્વાર;
ક્રોધ છે ઝેરી નાગ સમાન,
ચારિત્રમાં કરે અંતરાય;
અન્યની ભૂલને કરજે માફ,
ક્ષમાની હૈયે ધરી લગામ;
છઠ્ઠા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને છઠ્ઠું, પાપ-સ્થાનક સમજાયું રે...

## માન (અહંકાર)

૭. ગુરુજી મને સાતમું, પાપ-સ્થાનક સમજાવજો રે...
સાતમું પાપ છે માન કષાય,
મૂળમાં અહમ્‌પણું છલકાય;
સંપત્તિ કુળ કે ગોત્રનું માન,
રૂપ બળ સત્તાનું અભિમાન;
માન તણા પરિણામે ગુમાન,
ઈર્ષા સ્પર્ધાનો છોડી સ્વભાવ;
દઈએ યશનો અન્યને દાવ,
રહેવું નમ્ર સરળ સહુ સાથ;
સાતમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને સાતમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## માયા (કપટ)

૮. ગુરુજી મને આઠમું, પાપ-સ્થાનક સમજાવજો રે...
આઠમું માયા કેરું પાપ,
કુટિલતા આપે તુજને થાપ;
ગણે તું પરગુણ ગૌણ સદાય,
દોષ ને દ્રોહ તણો પર્યાય;
મૂળમાં મોહની ત્યાં ઘણી છાંય,
સદ્‌ગુણ ભવાંતરે વિસરાય;
છોડી છલના પ્રપંચ તમામ,
કરજે સરળ બનીને પ્રયાણ;
આઠમા પાપ સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને આઠમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## લોભ (લાલચ)

૯. ગુરુજી મને નવમું, પાપ-સ્થાનક સમજાવજો રે...
નવમું લોભતણું છે પાપ,
એ છે મોહતણો પણ બાપ;
તૃષ્ણાનું ના કદીયે માપ,
લોભે વધશે તુજ સંતાપ;
એ તો દરિયા જેવી ખાણ,
કોઈથી કદીયે ના પુરાય;
મળ્યાનો માણજે તું સંતોષ,
લોભના ટળશે તેથી દોષ;
નવમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને નવમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## રાગ (આસક્તિ)

૧૦. ગુરુજી મને દસમું, પાપ-સ્થાનક સમજાવજો રે...

દસમું પાપ તો રાગ ગણાય,
મૂળ કારણ આસક્તિ જણાય.
વિવેક બુદ્ધિનો ત્યાં થશે નાશ;
પંચ વિષયમાં ત્યાં અભિલાષ.
મૂળમાં મોહની ઊંડી છે આણ;
રાગથી વધશે દ્વેષ તું જાણ.
વિરાગી ભાવની લે તું સહાય;
તપ-જપ તારાં લેખે થાય.
દસમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને દસમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## દ્વેષ (બદલાની વૃત્તિ)

૧૧. ગુરુજી મને અગિયારમું, પાપ-સ્થાનક સમજાવજો રે...

દ્વેષ તો અગિયારમું છે પાપ,
નિષ્ફળ રાગનો તે પરિતાપ;
તિરસ્કારનો વધશે રે ભાવ,
ગુસ્સો ને ઈર્ષા ખેલશે દાવ;
દિલમાં પીડશે તને સંતાપ,
વેરને જૂઠની છે ત્યાં છાપ;
ગણીને સૌ જીવ સિદ્ધ સમાન,
વિકસે મૈત્રી ભાવથી પ્રાણ;
અગિયારમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને અગિયારમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## વ્યવહાર જગતના પાપ

*કલહ-ઝગડાઓ, ખોટા આળ મૂકવાની આદત, ચાડી-ચુગલી કરવાનો સ્વભાવ, નાની નાની વાતોમાં ગમા-અણગમાના છણકા બીજાઓ માટે ખોટી વાતો ફેલાવવાની નારદવૃત્તિ અને પોતાના જૂઠને ઢાંકવા સિફતથી કરેલું કપટ કે બનાવટ, આ છ પાપો માણસના વ્યવહારના જીવનને દૂષિત કરે છે. અરસપરસનો વ્યવહાર આ પાપોથી અભડાય છે અને માણસ લોકપ્રિયતા ગુમાવી પોતાની સાખને રાખ કરી દે છે!*

## કલહ (કંકાસ)

૧૨. ગુરુજી મને બારમું, પાપ-સ્થાનક સમજાવજો રે...
બારમું પાપ કલહ તું માન,
દુર્ગતિ માટે જે દ્વાર સમાન;
નારદ મંથરા જેવો સ્વભાવ,
પ્રગટે અવળી વાણી સદાય;
જો તું અંતર્મુખી બની જાય,
મૌન છે તેનો સાચો ઉપાય;
મનથી લઈને ક્ષમા આસ્વાદ,
હિતમિત વાણી કર સંવાદ;
બારમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને બારમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## અભ્યાખ્યાન (મિથ્યાઆરોપ)

૧૩. ગુરુજી મને તેરમું, પાપ-સ્થાનક સમજાવજો રે...
તેરમું અભ્યાખ્યાનનું પાપ,
જેમાં આળ મુકાયે અમાપ;
પર જીવન થાશે બરબાદ,
નાહક નિત વધશે વિખવાદ;
અન્યનું માનસ્વમાન ઘવાય,
કર્મનું બંધન સજ્જડ થાય;
ભાષાસમિતિ તુજ સંભાળ,
કોઈને કદી ન દઈએ આળ;
તેરમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને તેરમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## પૈશુન્ય (ચાડી-ચુગલી)

૧૪. ગુરુજી મને ચૌદમું, પાપ-સ્થાનક સમજાવજો રે...
ચૌદમું પૈશુન્ય કેરું પાપ,
ચાડી ચુગલી કરે સંતાપ;
સાચા જૂઠનું રહે ના ભાન,
સજ્જન પ્રત્યે ઘટશે માન;
નિંદા દ્વેષ છે મૂળમાં ક્યાંય,
ગુણની વાડી તારી સુકાય;
ઘટના સાક્ષીભાવે જોવાય,
સમ્યક્ દૃષ્ટિ પ્રગટી જાય;
ચૌદમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને ચૌદમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## રતિ-અરતિ (ગમો-અણગમો)

૧૫. ગુરુજી મને પંદરમું, પાપ-સ્થાનક સમજાવજો રે...
રતિઅરતિ પંદરમું પાપ,
ગમા-અણગમાની ત્યાં છે છાપ;
જાણજે મોટો દ્વંદ્વ સમાસ,
રાગ ને દ્વેષ તણો સહવાસ;
ગમતું મળે ત્યારે હરખાય,
અણગમતામાં તું અકળાય;
ઇન્દ્રિય સુખનું છોડીને ધ્યાન,
રાખજે મન-બુદ્ધિની લગામ;
પંદરમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને પંદરમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## પર પરિવાદ (પારકી પંચાત)

૧૬. ગુરુજી મને સોળમું, પાપ-સ્થાનક સમજાવજો રે...

સોળમું પરપરિવાદનું પાપ,
તું કરે અન્યની બહુ પંચાત;
નિજના દોષમાં નહીં તુજ ધ્યાન,
અન્યના દોષમાં રહે સભાન;
હૈયું તારું કલુષિત થાય,
આતમ બહિર્ભાવમાં જાય;
શુદ્ધ સ્વરૂપમાં કરજે વાસ,
અંતર ગુણનો થશે વિકાસ;
સોળમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને સોળમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## માયા મૃષાવાદ (કપટ સાથેનું જૂઠ)

૧૭. ગુરુજી મને સત્તરમું, પાપ-સ્થાનક સમજાવજો રે...

માયા-મૃષાવાદ સત્તરમું પાપ,
અસત્યને માયાનો છે શ્રાપ;
જૂઠને કુટિલતાનો સાથ,
નિજ સ્વારથનો છે પ્રતિઘાત;
ચીકણા કર્મનો લાગે કાટ,
ભીષણ થાશે ભવની વાટ;
સત્યવચનની લેજે સહાય,
જેથી કપટીપણું તુજ જાય;
સત્તરમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને સત્તરમું, પાપ-સ્થાનક સમજાયું રે...

## વિપરીત સમજણ

અઢારમું અને કારમું પાપ છે મિથ્યાત્વ! ખોટાને સાચું માની લેવું અને સાચાને ખોટામાં ખપાવવાની નઘરોળ વૃત્તિ એ તો આત્માને વાગેલો કાંટો છે, જે ખૂચ્યાં જ કરવાનો! સડો થઈને નડવાનો! સમ્યક્ અને મિથ્યા વચ્ચેની ભેદરેખાને ઓળખો! સમ્યક્ (ત્વ) પણ તું જ છે અને મિથ્યા (ત્વ) પણ તું જ છે. જ્ઞાનીના ઇશારાને ઓળખવાની કોશિશ કરો. આલમમાં જેમ અઢાર વરણ છે તેમ આત્માના આ અઢાર કરણ (પાપની પ્રવૃત્તિ) છે.

## મિથ્યાત્વ શલ્ય

૧૮. ગુરુજી મને અઢારમું, પાપ-સ્થાનક સમજાવજો રે...
મિથ્યાત્વ છે અઢારમું પાપ,
મિથ્યા ગુરુની મ પાં છાપ;
વૃથા ધર્મનો પકડ્યો હાથ,
મળે ના વીતરાગનો સાથ;
કંટક પેઠે ખૂંચે સદાય,
સાચી સમજણ તેની ઘવાય;
લઈને સદ્‌ગુરુ કેરો સાથ,
તારશે તને જગતના નાથ;
અઢારમા પાપ-સ્થાનકથી તું સદા દૂર રહેજે રે,
ગુરુજી મને અઢારમું, પાપ-સ્થાનક સમજાયું રે...

અસંભવને સંભવ બનાવે તે સંભવ છે! અને સમભાવમાં દોરી જઈને ભાવ સમ કરે, ઓછા કરે એ સંભવ છે! સિદ્ધિ જોઈએ કે શુદ્ધિ જોઈએ? બુદ્ધિ જોઈએ કે બોધ અને બુદ્ધત્વ જોઈએ? પ્રભુના પસાયે પ્રાપ્ત થશે પણ નક્કી તો કરવું જ પડશે!

## શ્રી સંભવનાથ સ્તવન

(ઢાળ : સિદ્ધાચલના વાસી)

૧. શ્રાવસ્તિના વાસી, હું ભવભવનો પ્રવાસી, જિનજી પ્યારા;
સંભવનાથને વંદન અમારાં

૨. સાધર્મિકની કરી તમે ભક્તિ, તીર્થંકર પદ બાંધ્યાની યુક્તિ;
આપો એવી શક્તિ, કરું હું હરપળ ભક્તિ - જિનજી પ્યારા ...સંભવ

૩. મારી સિદ્ધિની કરો તમે શુદ્ધિ, નિર્મળ કરજો મારી બુદ્ધિ;
ધ્યાન રાખજો આપ, કરું હું એકે ના પાપ - જિનજી પ્યારા ...સંભવ

૪. છોડ્યાં સુખસાહ્યબી ને રાજ, એવાં સુખ માગું હું શાને કાજ?;
સન્મતિ મુજને આપો, આસક્તિને કાપો - જિનજી પ્યારા ...સંભવ

૫. ભમવું નથી મારે ભવચક્ર માંહે, રમવું નથી મારે એકે કષાયે;
રાગદ્વેષ ટળો, દૃષ્ટિ સમ્યક મળો-જિનજી પ્યારા ...સંભવ

૬. હરું અજ્ઞાનનો અંધકાર, કરું ષડ્રિપુનો પ્રતિકાર;
આવે જ્ઞાન પ્રકાશ, જાવે મોહનો પાશ - જિનજી પ્યારા ...સંભવ

૭. સંભવનાથ છે નામ તમારું, અસંભવને સંભવ કરનારું;
દર્શન દેજો પ્યારું, શરણું હોજો તારું - જિનજી પ્યારા ...સંભવ

૮. કહે **વિજય** સુણો પ્રભુ મુજને, લાયક લાગે આ ભક્ત જો તુજને
જ્ઞાન દર્શન આપો, ચારિત્ર ઉરમાં સ્થાપો - જિનજી પ્યારા ...સંભવ

માણસ થોડોક ઠરીઠામ થઈને વિચારે તો એને અણસાર આવે કે એને જોઈએ છે શું અને મેળવી રહ્યો છે શું? શબ્દોની સોડમાં સંતાયેલો બોધ જો બુદ્ધિ સુધી પહોંચે નહીં તો અનંતની યાત્રાના અવરોધ ઓછા ક્યાંથી થવાના? અંતરમાં ઊંડા ઊતરીને વિચારવાથી સચ્ચાઈનો સાક્ષાત્કાર થશે!

# ચિંતન-મનન

(ઢાળ : જે સ્વરૂપ સમજ્યા વિના)

૧. ભાવ વિના ક્રિયા કરી, ફળે ના મનની આશ;
ખેલ રૂડો મર્કટ કરે, જેમ મદારી પાસ.

૨. અર્થ સમજ્યા વિના ભણી, સૂત્ર કર્યાં કંઠસ્થ;
રટણ કર્યું શુક પેઠે મેં, પહોંચ્યો નહીં મૂળ પંથ.

૩. અર્થ સમજ્યો હોત જો, સાક્ષી ગુરુ ભગવંત;
આચારે રહેતે સદા, અજ્ઞાનનો થાતે અંત.

૪. શબ્દો માયાજાળ છે, કાળક્રમે બદલાય;
અર્થ સાચો સમજે નહીં, તે અજ્ઞાને અટવાય.

૫. જ્ઞાન પ્રકટ કરવા નથી, કોઈ શબ્દ સમર્થ;
અનુભૂતિમાં આવેથી, ટળશે સહુ અનર્થ.

૬. શબ્દો કે વ્યાકરણ શું કરે, શું કરે મોટા ગ્રંથ;
જ્ઞાન તો સાચું એહ છે, જે કરે તને નિર્ગ્રંથ.

૭. શબ્દ સમજવા જરૂરી છે, ગીતાર્થ ગુરુ પંડિત;
પાત્ર સમયને ઓળખી, સમજાવે રાખી હિત.

૮. શબ્દો પકડે પંડિતો, કરતાં વાદવિવાદ;
પકડીને મચડે ઘણાં, પહોંચે નહીં મૂળ વાત.

૯. અર્થને પકડે જ્ઞાનીજન, સત્ય સનાતન વાટ;
અન્ય વિકલ્પ ન જેહનો, જ્ઞાનની કેવળ વાત.

૧૦. સ્વર્ગ-નર્ક છે કલ્પના, બન્ને ખોટા પાશ;
બન્ને ભાવ છે મનતણા, જુવે જો જ્ઞાન પ્રકાશ.

૧૧. પ્રભુ પાસે નવ માગવું, યથા કર્મ સહુ થાય;
માગવાની ઇચ્છા મરે, મુક્તિ ભણી જવાય.

૧૨. જેવું જે જે વિચારતો, તેવો નક્કી તે થાય;
તો પછી રમવું શુભમાં, જે શુદ્ધ તરફ લઈ જાય.

૧૩. શુભથી શુદ્ધ તરફ વધે, એ જ છે સાચો રાહ;
શુદ્ધિ થતાં કર્મો ઘટે, ગુણસ્થાનક ચઢતો જાય.

૧૪. સહુ જીવો સરખા ગણો, સહુને વ્હાલો જીવ;
જયણા પૂર્વક જીવીએ, તો જીવ પહોંચે શિવ.

૧૫. ઉદયે પુણ્યો આવતાં, મળ્યો છે ઉત્તમ ધર્મ;
સમય ચૂકે સઘળું ચૂકીશ, વ્યર્થ જીવનનો મર્મ.

૧૬. રાગ-દ્વેષ બે દુશ્મનો, સઘળા પાપના બાપ;
જો તે બે ટળી જાય તો, ઓછાં થાયે પાપ.

૧૭. કાયા તારી રથ સમી, ઇન્દ્રિયો અશ્વ તમામ;
જ્ઞાનક્રિયા બે ચક્ર છે, સંયમ કેરી લગામ.

૧૮. જ્ઞાનમાર્ગ કઠિન છે, નડશે મિથ્યાજ્ઞાન;
જ્ઞાનમાર્ગ ઉપકરણ છે, પામવા સમ્યક્જ્ઞાન.

૧૯. કાયા કેરો ભાવ છે, ક્ષણ ક્ષણ સુખનો રાગ;
આનંદ આતમ ભાવ છે, પ્રગટે જ્યાં વિરાગ.

૨૦. જ્ઞાન તું સાચું જાણજે, કરાવે આતમ ધ્યાન;
મિથ્યાજ્ઞાનને તોડીને, લાવે આતમ ભાન.

૨૧. ક્યાંથી આવી જીવ ક્યાં જશે, નથી કોઈને જ્ઞાન;
કર્મ સત્તા નક્કી કરે, જીવ કરે પ્રસ્થાન.

૨૨. કર્મ ઉદયમાં આવતાં, ફળ દે છે નિશ્ચિત;
વિજય બાંધતાં રાખીએ, સાવધાની ઉચિત.

પરમ પ્રભુના પાવન ચરણે પ્રાર્થના કરતો આત્મા પ્રભુ પાસે એવી શક્તિ માંગે છે જે એને આસક્તિના અંધારાથી બચાવે અને ભક્તિના અજવાળામાં પ્રસ્થાન કરાવે. કર્તૃત્વભાવનો કારમો અજંપો માણસને અહંકારથી ઘેરે છે. અહંના ભારથી બચવા અર્હમ્‌ને આરાધવા તત્પર બનીએ.

# પ્રભુ વિનંતી

(ઢાળ : એક જ દે ચિનગારી)

૧. એટલી દો મને શક્તિ, પ્રભુજી..., એટલી દો મને શક્તિ;
કરું હું હરપળ ભક્તિ, પ્રભુજી..., એટલી દો મને શક્તિ...

૨. મોહમાયામાં, રમતાં-રખડતાં, જીવન ગયું મુજ વીતી;
રાગ ને દ્વેષથી, વધી આસક્તિ, કરાવો તેમાંથી મુક્તિ ... પ્રભુજી

૩. કરતાં ભક્તિ જાણે-અજાણે, તોડું ના કોઈની સૃષ્ટિ;
સહુ જીવોને મુજ સમ ગણું હું, દેજોને એવી દૃષ્ટિ ... પ્રભુજી

૪. કર્તાભાવમાં જીવ્યો સદાયે, મળી ગઈ અહમ્‌ને પુષ્ટિ;
નિમિત્ત થઈને જીવવું છે મારે, કરી દો કૃપાની વૃષ્ટિ ... પ્રભુજી

૫. કહે **વિજય** પ્રભુ સુણો વિનંતી, રાખી મુજ પર પ્રીતિ;
જ્ઞાનની મુજને, થજો અનુભૂતિ, નિશદિન સત્ય પ્રતીતિ ... પ્રભુજી

રંગ તો લાગ્યો હોય એ જ જાણે અને એ જ રંગને માણે! કોરાધાકોરને શેની ગતાગમ પડે ભીંજાવાની? એક રંગ ઊતરી જાય... ઊખડી જાય અને એક રંગ એવો જે અસ્તિત્વને ઓળઘોળ કરી દે. એ રંગ છે પ્રભુની પ્રીતિનો, પ્રભુની ભક્તિનો! આ રંગમાં એક વાર રંગાઈ જવાય તો આયખું આખું ધન્ય બની જાય!

# પ્રભુનો રંગ

(ઢાળ - વૈષ્ણવજન તો તેને રે કહીએ)

૧. રગરગમાં પ્રભુ રંગ સમાયો, તુમ રંગે રંગાવું રે;
ડગડગમાં પ્રભુ સંગ તમારો, તુમ ઢંગે બદલાવું રે... રગ

૨. રંગ થજો પ્રભુ એવો પાકો, કદી પડે નહીં કાચો રે;
દુઃખ શોક ભય પીડામાં પણ, રાહ મૂકું નહીં સાચો રે... રગ

૩. જ્ઞાન ભક્તિનો રંગ હો એવો, નડે ના કોઈ વ્યક્તિને;
સંયમી ગુરુનો સંગ હો એવો, જે મૂકે મારગ મુક્તિને... રગ

૪. રંગથી તૂટજો મારી ભ્રમણા, રંગની બનજો અલ્પના રે;
સ્વર્ગ-નર્ક કેરા નહીં શમણા, જોવી તમારી રચના રે... રગ

૫. ઇન્દ્રધનુષના જોયા રંગો, આ રંગ તેથી નિરાળો રે;
જન્મ-જરા-મૃત્યુ ને વ્યાધિ, ઉપાધિ સઘળી ટાળો રે... રગ

૬. જે જે રંગાયા તુમ રંગે, બન્યા તે અંતરધ્યાની રે;
કહે **વિજય** રંગો તે રંગે, બનું હું સમ્યક્ જ્ઞાની રે... રગ

નિરંકુશ અને સ્વચ્છંદ ઇન્દ્રિયો સાથે આટાપાટા રમતું મન અવળે મારગે દોડી જાય છે. જ્યારે સંયમનું નિયમન એ જ મનને પ્રભુની સમીપે દોરી જાય છે. આંખ અને વાણીનો સંયમ અંદરની યાત્રા માટે ભાથું પૂરું પાડે છે. સંયમ સમ્યગ્ યમને આવિર્ભૂત કરે છે.

# ઇન્દ્રિયજય

(ઢાળ : ભલું થયુંને અમે પ્રભુ ગુણ ગાયા)

૧. ભલું થજો વાણીસંયમનું, જિહ્વાના રસને જીત્યો રે;
વાણી પર સંયમ કરીને, મેં ક્રોધ અપારને જીત્યો રે...
રસાસ્વાદથી દૂર થઈને, નીરોગી થઈને જીવ્યો રે;
ગીત પ્રભુના મુખથી ગાઈ હું પ્રભુ સમીપે પહોંચ્યો રે...

૨. ભલું થજો ચક્ષુસંયમનું, દષ્ટિ પર જય મેં કીધો રે;
જાકારો વિકારને દેવા, સંયમ આંખોનો લીધો રે...
આંખો સદા ખુલ્લી રાખી, ઈર્યા સમિતિમાં સીધો રે;
તે આંખોથી પ્રભુ દર્શન, કરી કરુણારસ મેં પીધો રે...

૩. કૃપા થઈ જિનશાસન પામ્યો, ઇન્દ્રિયના જયને સમજ્યો રે;
મનવચન-કાયાથી કરીને, ભારે કર્મોથી અટક્યો રે...
વીર પ્રભુની વાણી સુણીને, જયણાપૂર્વક હું જીવ્યો રે;
અભયદાન દઈ સહુ જીવને, મુક્તિ ભણી હું ચાલ્યો રે...

ચરમ અને પરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરનું સ્મરણ, એના ગુણોનું મન ભરીને ગાન એ પ્રભુના અનંત ઉપકાર પ્રત્યે અહોભાવ ઓવારવાનો મારગ છે. અહોભાવ ઊઘડે તો અહંકાર ઊતરે! અને અવિનાશીની ઓળખ અંતરને અજવાળે! આ અજવાળું જ અવિનાશી સમીપે દોરી જાય છે.

# વીર પ્રભુની સ્તુતિ

(ઢાળ - હરિને ભજતાં)

૧. જયણાપૂર્વક જીવનારની દુર્ગતિ કોઈ દિ' થાતી નથી;
જેને જિનશાસનનો સાથ, વદે ગુરુવાણી રે... જયણા

૨. વીરે પેટમાં પોઢીને માતની મમતા પિછાની રે;
મૂક્યો નહીં ત્યાં સુધી સંસાર, જ્યાં સુધી તે જીવધારી રે... જયણા

૩. તાર્યો ચંડકોશિયા નાગને, કરુણા વહાવીને;
તારી ચંદનબાળા નાર, સતીપદે સ્થાપીને... જયણા

૪. વાદે આવેલા ઇન્દ્રભૂતિને વાર્યા, પ્રેમ આપીને;
દીધું પ્રથમ ગણધરનું સ્થાન, જ્ઞાનથી નવાજીને... જયણા

૫. સત્ય અહિંસાની શીખ જગતને તમે તો દીધી રે;
પામ્યાં સહુ કોઈ જીવો રે, અભયદાન તેથી રે... જયણા

૬. દીધો અણમોલ નિયમ એક તમે સ્યાદવાદનો રે;
ટાળ્યા કલહ ને ક્લેશ તમામ, મટ્યા સહુ વિવાદ રે... જયણા

૭. આવા વીર પ્રભુની રાહે, જીવન જે કોઈ જીવશે રે;
કર જોડી કહે **વિજય** આજ, કરુણા ભણી જાશે રે... જયણા

ઈશ્વરથી અળગો રહેતો માણસ વસ્તુ, વેપાર અને વહાલાજનોના સંસર્ગ-સંપર્કમાં મુગ્ધ બનીને મૂઢ થઈ જાય છે. ત્યારે શંકરાચાર્ય જેવા કો'ક અધ્યાત્મની આલબેલ પુકારનારા જ્ઞાની પુરુષ મૂઢમતિ માનવીને મીઠા ચાબખા મારીને ગોવિંદ સાથે ગોઠડી માંડવાની વાત કરે છે.

આદિ શંકરાચાર્યકૃત

# ભજ ગોવિંદનો ભાવાનુવાદ

(ઢાળ : રઘુપતિ રાઘવ રાજા રામ)

૧. ભજ ગોવિંદ ને કૃષ્ણ તું આજ, મૂઢ થયા વિણ મુક્તિ કાજ;
પાસે આવે જ્યારે મરણ, પાંડિત્યથી નહીં મળે શરણ. ભજ ગોવિંદ

૨. દિવસ રાત વીતે સાંજ સવાર, શિશિર વસંત વીતે બહુ વાર;
કાળને ગળતાં લાગે ના વાર, આશાનો કદી નાવે પાર. ભજ ગોવિંદ

૩. ફરી ફરી પૂનમ ને ફરી અમાસ, પક્ષ વીતે ને વીતે માસ;
આયુના ઘટતા જાય છે વર્ષ, તોયે ના છૂટે આશ પ્રકર્ષ. ભજ ગોવિંદ

૪. નાનપણામાં રમતમાં ધ્યાન, યૌવનમાં યુવતીનું ધ્યાન;
વૃદ્ધાવસ્થે ચિંતા અપાર, ક્યારે ભજશો શ્રીમોરાર? ભજ ગોવિંદ

૫. અંગ ગળે માથે ધોળા કેશ, બોખું મોઢું ને ઇન્દ્રિયો શેષ;
દેહ ધ્રૂજે ને હાથમાં દંડ, કેમે છૂટે નહીં આશાપિંડ! ભજ ગોવિંદ

૬. જન્મ મરણ છે વારંવાર, સૂતો માની કૂખે બહુ વાર;
અઘરો છે તરવો સંસાર, કૃપા કરોને હે કિરતાર! ભજ ગોવિંદ

૭. જટાજૂટને લોચિત કેશ, ભગવાં ધરી કર્યો સાધુનો વેશ;
હાથમાં માળા ને મનમાં દ્વેષ, ભરવા પેટ ધર્યાં બહુ વેશ. ભજ ગોવિંદ

૮. બાળે અગ્નિ ને સૂરજનો તાપ, ટૂંટિયું વાળી સૂતો સંતાપ;
ભિક્ષા પાત્રને તરુ તળે વાસ, તોય છૂટે નહીં મોહનો પાશ. ભજ ગોવિંદ

૯. જ્યાં સુધી ધન ઉપાર્જન શક્ત, ત્યાં સુધી તારું કુટુંબ ભક્ત;
ઘડપણ આવે થાય અશક્ત, ટાળવા સહુ કોઈ થાશે સજ્જ. ભજ ગોવિંદ

૧૦. સુખમાં કીધો પરસ્ત્રી યોગ, નોતરું દીધું દેહના રોગ;
મરણનું શરણ છે તારે તન, પાપનું છૂટે ના વર્તન. ભજ ગોવિંદ

૧૧. જ્યાં સુધી દેહમાં આતમવાસ, કુશળતાનો ભાર્યાને ભાસ;
દેહથી આતમા જ્યાં છૂટી જાય, મૃતકાયા જોઈ ગભરાય. ભજ ગોવિંદ

૧૨. યૌવન વીતે ને કામવિકાર, વિણ પાણી જેવાં કાસાર;
દ્રવ્યનાશ પછી શું પરિવાર? જ્ઞાન થયા પછી ક્યાં સંસાર? ભજ ગોવિંદ

૧૩. નારી તનમન કર્યો વિચાર, માંસ મજ્જાનો તે છે વિકાર;
મિથ્યા મોહનો આવિષ્કાર, કેમે છૂટે નહીં કામવિકાર. ભજ ગોવિંદ

૧૪. મુખથી ગાયું ગીતાગાન, થોડું કર્યું ગંગાજળપાન;
જેને મન શ્રીપતિનું ધ્યાન, યમ પણ ડરતો લેતાં નામ. ભજ ગોવિંદ

૧૫. સજ્જન સંગે રાખજે ચિત્ત, નિર્ધન જાણીને દેજે વિત્ત;
કરજે ભગવદ્‌ગીતા પાઠ, રાખજે મન શ્રીપતિને સાથ. ભજ ગોવિંદ

૧૬. શું મળે નદીમાં કરીને સ્નાન, ભાવ વિના જેવાં તપ દાન;
જ્ઞાન વિના સહુ મિથ્યા થાય, મુક્તિ વિણ ભવમાં ભટકાય. ભજ ગોવિંદ

૧૭. ક્યાંથી આવ્યા ને આપણે કોણ, કોની જનની ને જનક છે કોણ;
છૂટી જશે તારો પરિવાર, જેવો સ્વપ્નમાં થયો વિચાર. ભજ ગોવિંદ

૧૮. રથનાં ચક્ર રચે જેમ પંથ, પુણ્યાપુણ્યે ગતિ રચે કંથ;
કોઈ નથી અહીં કાયમ લોક, તો પછી કરવો કોનો શોક? ભજ ગોવિંદ

બલસાણાના વિમળનાથ, કોને નથી દેતા સાથ ?

બસ, જરી પાડી તો જુઓ સાદ! સામેથી આવી મળશે પ્રભુનો પ્રસાદ! શ્રદ્ધાને સાબિતી નથી જોઈતી... થોડીક સબૂરી... થોડીક મગરૂરી.... જરૂરી હોય છે... પછી તો સવાર સોનેરી અને સાંજ સિંદૂરી બની જશે! શ્રદ્ધા સાથેનું સ્મરણ અને સંગાન હંમેશાં બળ આપનાર બને છે.

# બલસાણા વિમળનાથની સ્તુતિ

(ઢાળ : મુખડાની માયા લાગી રે)

૧. મુખડાની માયા લાગી રે
વિમળજીન, મુખડાની માયા લાગી રે... વિમળજીન

૨. બલસાણા તીરથ તારું,
મળવાને મન મારું;
ક્યારે દર્શન, થશે પ્યારું રે... વિમળજીન

૩. જ્યારથી જોયું મેં મુખ,
ઉપન્યું હૈયામાં સુખ;

હવે ક્યાંથી, રહે દુઃખ રે... વિમળજીન

૪. જગમાં જે જે નિરાશ,
તેની તમે પૂરો આશ;

વસો મારા શ્વાસેશ્વાસ રે... વિમળજીન

૫. જેણે જેણે કીધી ભક્તિ,
તેને સહેજે મળી મુક્તિ;

બતાવોને એવી યુક્તિ રે... વિમળજીન

૬. સંસારમાં સુખ આછું,
વારેવારે દુઃખ પાછું;
દુઃખ સહેવા બળ યાચું રે... વિમળજીન

૭. પ્રભુ મુજને એવો રાખો,
જોઉં તમને વિણ આંખો;
ઊડી આવું, વિના પાંખો રે... વિમળજીન

૮. વિમળ છે નામ તારું,
વિમળ હૈયું કરો મારું;
વિમળ ચારિત્ર ધારું રે... વિમળજીન

૯. થયો **વિજય** બડભાગી,
મોહદશા મારી ભાંગી;
ભાવદશા મારી જાગી રે... વિમળજીન

૧૦. જેના હૈયે ભક્તિ જાગે,
દુઃખ શોક દૂર ભાગે;
મળી જાયે, વિણ માંગે રે... વિમળજીન

૧૧. જેણે જેણે કીધા જાપ,
ઘટ્યા તેનાં ઘણાં પાપ;
મટાડો મનના સંતાપ રે... વિમળજીન

૧૨. જેણે જેણે યાત્રા કીધી,
તેને તેની ફળી સિદ્ધિ;
પીડા મારી ટાળો બધી રે... વિમળજીન

૧૩. શ્રદ્ધા તારામાં છે પૂરી,
કોઈ વાતે ના અધૂરી;
આશા મારી કરો પૂરી રે... વિમળજીન

૧૪. જાણ્યા ચમત્કાર ઘણા,
ગણવામાં નહીં મણા;
દુઃખ કાપો ભક્તતણા રે... વિમળજીન

૧૫. મારે મન એક વાત,
ધ્યાન ધરું દિનરાત;
વસો હૈયે તો નિરાંત રે... વિમળજીન

૧૬. સેવું હું તો તારાં ચરણ,
હોજોને તમારું શરણ;
દેજો રે સમાધિમરણ રે... વિમળજીન

૧૭. મુજને નજરે રે નીરખો,
કરોને તુમ સરીખો;
એક જ મને અભરખો રે... વિમળજીન

૧૮. હવે હું તો સૌભાગી,
થયો તુમગુણ રાગી;
તારી લો ને વીતરાગી રે... વિમળજીન

નોંધ : માત્ર ૧થી ૯ કડીનો જ ગેય રચનામાં સમાવેશ છે.

ભાવનો પ્રભાવ અનેરો હોય છે! કારણ કે એ સ્વભાવ બને છે. અભાવ અથડામણ સર્જે છે અને પ્રભાવ વિભાવ તરફ ખેંચી જાય છે, પણ શુભ સાથે સંકળાયેલો ભાવ, શુદ્ધની યાત્રામાં સહાયક નીવડે છે. અશુભના અડાબીડ જંગલમાં શુભના મંગલ ભાવ શોધવા જ રહ્યા. છેવટે તો શુભના મારગે જ શુદ્ધ સુધી પહોંચવાની યાત્રા આરંભાશે.

# સમ્યક્ ભાવ

(ઢાળ : તને સાચવે સીતા સતી)

૧. મારો રહેજો સદા શુભમાં ભાવ,
પ્રભુ એટલું માગું છું.
મારો થાજો અશુભમાં . અભાવ,
પ્રભુ એટલું માગું છું... પ્રભુ

૨. શુભ જોઉં ત્યાં તેનો આદર હું કરું,
અશુભ જોઉં તો મનમાં, અનાદર કરું;
બન્ને વેળા રાખું સમ્યક્ભાવ... પ્રભુ

૩. મનગમતામાં રાગ કરું હું, નહીં,
અણગમતામાં દ્વેષ કરું હું, નહીં;
બન્ને વેળા રહેજો સમ્યક્ભાવ... પ્રભુ

૪. સુખની વેળાએ પ્રભુને ઉપકારી ગણું,
દુ:ખની વેળાએ પાપોદય મારો ગણું;
બન્ને ભોગવું સમ્યક્ભાવ... પ્રભુ

૫. રાચી માચીને કર્મો કરું હું, નહીં,
કરવાં પડે તે કર્મોમાં લેપાઊ નહીં;
ખપજો મારાં કર્મો ક્ષાયિક ભાવ... પ્રભુ

૬. દશે દિશાએથી મુજને જ્ઞાન મળો,
રોમે રોમથી મારું અજ્ઞાન ટળો;
થાશો નહીં મુજને મિથ્યાજ્ઞાન... પ્રભુ

૭. કહે **વિજય** દુર્લભ ભવ મુજને મળ્યો,
ઊંચું કૂળ ને જૈનનો ધર્મ મળ્યો;
દર્શન જ્ઞાન ચારિત્ર સમ્યક્ થાવ ... પ્રભુ

*કંઈક મળે એટલે માંહ્યલો મહોરી ઊઠે! અંતર ખીલી ઊઠે! પ્રભુ મળે એટલે જાણે કે કૃપાનાં કિરણોનું અવતરણ થયું! પ્રભુનો પ્રસાદ આખા અસ્તિત્વને રાજીપાથી સભર બનાવી દે છે!*

# ભીતરનો રાજીપો

(ઢાળ : જૂનું તો થયું રે દેવળ)

૧. રાજી તો થયો રે મનવા, રાજી તો થયો;
મારો, માંહ્યલો ઘણો... આજે રાજી તો થયો ...રાજી તો

૨. મોહમાયાના વમળે, હું રે ફસાયો, તો;
તરવાને કાજ આજે, તરાપો મળ્યો ...મારો

૩. ઘોર અજ્ઞાન અંધારે, જ્યારે અટવાયો, તો;
જ્ઞાનના પ્રકાશે આજે, ભોમિયો મળ્યો ...મારો

૪. કર્મનો ભારો મુજને, ભવભવથી પીડતો, તો;
ભારાને ઉતારનારો, આજે રે મળ્યો ...મારો

૫. સુખ દુઃખના કારણે મારો, આતમા બંધાયો, તો;
મુક્તિના આનંદ કેરી, હેલીએ ચડ્યો ...મારો

૬. લખ રે ચોરાશી માંહે, દુર્લભ આ ભવ મળ્યો, તો;
ભવ તરવાનો **વિજયને**, મોકો રે મળ્યો ...મારો

મનુષ્ય દેહને દીવા જેવો બતાવીને વાટ, તલ, કોડિયું વગેરેના કલ્પનો દ્વારા શરીર-બુદ્ધિ-મન અને આત્માના સંયોજનથી સર્જાતા જીવનલયની વાત એટલે નશ્વરની વચ્ચે છુપાયેલા વિનશ્વરને પિછાણવાની પ્રેરણા!

# દેહ દીપક

(ઢાળ : આ તન રંગ પતંગ સરીખડો)

૧. મનખા દેહ છે દીપ સરીખો, બુઝાતા લાગે ના વાર રે....;
થયા પ્રકાશિત તે તે બુઝાયા, ગણતાં નાવે પાર રે... ..મનખા

૨. કદીક દીપમાં તેલ ખૂટે તો, કદીક કોડિયું ફૂટે રે;
આતમ મુક્તિ ઝંખે ત્યારે, શ્વાસ તણો લય તૂટે રે... ..મનખા

૩. વાટ તેલ કે એકલું કોડિયું, ત્યાં નહીં દીપની આશ રે;
ત્રણે દ્રવ્યોના સંયોજનથી, દીપક પૂર્ણ પ્રકાશ રે... ..મનખા

૪. રૂની વાટ તો રૂક્ષ ગણાયે, તેલ સ્નિગ્ધતા આપે રે;
બન્ને પૂરક એકબીજાના, દીપ પ્રગટવા માટે રે... ..મનખા

૫. સ્વનું વિસર્જન, પર સંયોજન, પ્રગટે ત્યાં અજવાળું રે;
અહંનું વિસર્જન થઈ જાતાં, અંતરમાં હું ભાળું રે... ..મનખા

૬. જ્યાં સુધી કાયાનું બંધન છે, મતિ જેવી ગતિ થાતી રે;
મુક્તિની વેળાએ તારી, ગતિ સઘળી પતી જાતી રે... ..મનખા

૭. બે દ્રવ્યોના અનુબંધથી, બનતો આ સંસાર રે;
દેહથી આતમ અળગો થાતાં, અટકે ભવ વ્યાપાર રે... ..મનખા

૮. મૂલ્ય નથી કોઈ એક દ્રવ્યનું , ફળ અન્યના સંયોગે રે;
કહે **વિજય** આ સત્ય સનાતન, જીવન છે સહયોગે રે... ..મનખા

સોહામણા શત્રુંજયની વાતો એટલે શાશ્વતગિરિના સન્માન અને અલબેલા આદિશ્વર દાદાના ગાન કરીને ભાવવિભોર થવાની વેળા! તળેટીથી ડુંગરના શિખર સુધીની યાત્રા જાણે જીવનને વિકાસના માર્ગે આગળ વધારવાનો સંદેશો! દરેક યાત્રા અંતરયાત્રા તરફની ગતિ છે અને અંતરની યાત્રા એકલાનો મારગ છે. એકત્વની અનુભૂતિ છે!

## શત્રુંજયગિરિ

(ઢાળ : જનનીની જોડ સખી નહીં જડે રે લોલ)

(૧) ઊંચા મેરુ ને ઊંચા આભલા રે લોલ,
એથી ઊંચો ગિરિરાજ રે,
શત્રુંજયગિરિ રળિયામણો રે લોલ

(૨) જગમાં તીરથ તો ઘણા બધા રે લોલ,
શત્રુંજય સમું નહીં એક રે ... શત્રુંજય

(૩) નવ નવ ટૂંકો પ્રભુથી શોભતી રે લોલ,
જાણે કોઈ મંદિરની નગરી રે ... શત્રુંજય

(૪) અવની પર ઘણા બધા ડુંગરા રે લોલ,
એક જ કહેવાયો ગિરિરાજ રે ... શત્રુંજય

(૫) આદિનાથ દાદા બિરાજતા રે લોલ,
પુંડરિકસ્વામી સામે શોભતા રે ... શત્રુંજય

(૬) એકસો ને આઠ તારાં નામ છે રે લોલ,
જાણે જપમાળાના મણકા રે ... શત્રુંજય

(૭) ચોમાસે વરસે એક મેહુલો રે લોલ,
દાદાની કરુણા બારે માસ રે ... શત્રુંજય

(૮) શેત્રુંજી નદીમાં નીર વધેઘટે રે લોલ,
ભક્તોનો વધતો ત્યાં પ્રવાહ રે ... શત્રુંજય

(૯) કોટિકોટિ મુનિએ કરી સાધના રે લોલ,
સિદ્ધ થઈ મોક્ષે સિધાવ્યા રે ... શત્રુંજય

(૧૦) અણુઅણુમાં તપની ભરી ઊર્જા રે લોલ,
સ્પર્શનાથી તૂટે તારી મૂર્છા રે ... શત્રુંજય

(૧૧) ઓછા તપથી ઝાઝી નિર્જરા રે લોલ,
શત્રુંજય ક્ષેત્રનો પ્રભાવ રે ... શત્રુંજય

(૧૨) યાત્રા કરે જે ભાવથી રે લોલ,
કહે **વિજય** આનંદ અણમોલ રે ... શત્રુંજય

શ્રાવકનું જીવન એટલે સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના માર્ગે માંડેલા નાનાં નાનાં પગલાં! જીવનને ઘડવું પડે... ઘડ્યા વગરનું જીવન જગતમાં બધાને નડ્યા કરે! શ્રાવક સ્વયંને સંયમિત કરતો રહે! સંયમ માત્ર સાધુનું. સૌંદર્ય નહીં શ્રાવકનો પણ શણગાર છે ! સમ્યગ્ યમ એ જ સંયમ!

# સાચા શ્રાવકની ઓળખ

(ઢાળઃ વૈષ્ણવજન)

૧. સાચો શ્રાવક તેને રે કહીએ જે પાપ અઢાર ના કરતો રે;
સહુ જીવોને સરખા ગણીને, **જયણાપૂર્વક** જીવતો રે... સાચો.

૨. જૂઠું બોલે ના તે જીવનમાં, **અણહકનું** નવ લેતો રે;
**બ્રહ્મચર્યમાં** રહીને જીવે, પરિગ્રહ કદી નવ કરતો રે... સાચો.

૩. મનનું ધાર્યું થાય ન તોયે, **ક્રોધ** કદી નવ કરતો રે;
**માન**ની ઇચ્છા છોડી દઈને, સરળ બનીને જીવતો રે... સાચો.

૪. સ્વાર્થ સાધવા અન્યની સાથે, **માયા** નવ આચરતો રે;
રાગ દ્વેષ ને કલહ ત્યજીને, ઓછો **લોભ** જે કરતો રે... સાચો.

૫. કોઈ કારણે અન્યની ઉપર, **આળ** કદી નવ મૂકતો રે;
**ચાડીચુગલી** કરે ના કોઈની, **ગમોઅણગમો** નવ કરતો રે... સાચો.

૬. દ્રષ્ટાભાવમાં સદા રહીને, **પરપંચાતે** ના પડતો રે;
**માયા** સાથે જૂઠ ઉમેરી, કોઈને નવ છેતરતો રે... સાચો.

૭. સમ્યક્જ્ઞાનમાં શ્રદ્ધા રાખી, **મિથ્યાત્વમાં** નવ પડતો રે;
અઢાર પાપથી દૂર રહીને, જીવન નિર્મળ કરતો રે... સાચો.

૮. શ્રુત સાંભળી શ્રદ્ધા કરીને, **સ્મરણથી** મનન જે કરતો રે;
કથની જેવી કરણી કરીને, શ્રાવક સાચો બનતો રે... સાચો.

૯. નવા નિકાચિત કર્મ ના બાંધે, સંચિતને જે ખપાવે રે;
કહે **વિજય** તે દિનપ્રતિદિને, મુક્તિના પંથે જાવે રે... સાચો.

જયવીયરાય એ પ્રાર્થના સૂત્રના નામે/પ્રણિધાન સૂત્રના નામે ચૈત્યવંદન વગેરે ક્રિયાઓ સાથે અભિન્ન રીતે જોડાયેલા સૂત્ર છે. એ સૂત્રમાં ૧૩ વાતોની માંગણી પ્રભુ પાસે કરવામાં આવી છે. આ તેર વાતો વ્યક્તિત્વને તથા અસ્તિત્વને નિખારવામાં ઉપયોગી નીવડે છે. પ્રભુ પાસે માંગવાની ૧૩ વાતોને વાગોળો!

# પ્રાર્થનાસૂત્ર

જયવીયરાય સૂત્ર - ભાવાનુવાદ

૧. જય જય હે જગગુરુ તમારો, જય જય હો વીતરાગી રે;
વંદન ત્રિવિધે સ્વીકારો મારા, વિનવે તુમ ગુણરાગી રે ...જય

૨. ભૌતિક સુખે થવું ઉદાસી, જીવનમાં વૈરાગી રે;
મળજો એટલું આપ પ્રભાવે, થઈ જાઉં બડભાગી રે ...જય

૩. સઘળા દુરાગ્રહ છોડી દઈને, બનું હું માર્ગાનુસારી રે;
મળો ઇષ્ટફળ કેરી સિદ્ધિ, ભક્તિમાં મદદે જે મારી રે ...જય

૪. લોક વિરૂદ્ધ હું, વર્તું નહીં ને, દેશાચારને પાળું રે;
ગુરુ સેવામાં મનને જોડી, ઉપકારે ચિત્તવાળું રે ...જય

૫. સંયમી ગુરુનો યોગ મળે જે, પંચાચારે પાવરધા રે;
કરું આજ્ઞાપાલન તેઓની, જ્યાં સુધી આવરદા રે ...જય

૬. તવ ચરણોની સેવા મળજો, જ્યાં સુધી જીવન મારું રે;
સઘળાં દુઃખ ને કર્મનો ક્ષય કરી, સમાધિમરણ હું ધારું રે ...જય

૭. ભવ ભવ તવ શાસન મને મળજો, ફળ મળો બોધિ લાભના રે;
તેર વસ્તુ પ્રભુ આજે માગુ, સુણો વિજયની પ્રાર્થના રે ...જય

*ક્યારેક શાંત પળોમાં પ્રભુ પાસે બેસીને કર્યા કારવ્યાનો એકરાર કરવા જેવો છે! કરવાનું કેટલું કર્યું? એનાથી મન ભર્યું? કર્તૃત્વનું અજ્ઞાન ખર્યું? પ્રભુ સાથે માંડીને વાત કરો. પ્રભુ સાથે વાત એ ગાંઠોને છોડવાની વાટ છે! ગાંઠોને ઓગાળવા માટે આ જીવન છે! નવી ગાંઠો બંધાય નહીં... એની સતત કાળજી રાખીને જીવવાનું છે. ગ્રંથિભેદ એ જ સમ્યક્ માર્ગ છે, એ જ મોક્ષ આપનાર પ્રક્રિયા છે. ગ્રંથોના ભેદ તો ઘણાં કર્યાં જે આખરે પંથોના ભેદ સુધી પહોંચી ગયા... પણ ગ્રંથિનો ભેદ/ ગ્રંથિનો છેદ ક્યારે કરશું?*

## કૃપાદૃષ્ટિ

(ઢાળ : પ્રેમળ જ્યોતિ તારો દાખવી)

કૃપાદૃષ્ટિ તારી દાખવી પ્રભુ કરજો મુજ ઉદ્ધાર

૧. આજ લગી રખડ્યો સંસારે ને, ભક્તિ કરી ના લગાર;
મોહ માયામાં ડૂબી ગયો ને, ભૂલી ગયો કિરતાર;
હવે ભૂલવું નથી પળવાર... કૃપા

૨. અઢાર પાપ-સ્થાનક સેવ્યાં ને, લીધાં નહીં વ્રત બાર;
કર્મનો બોજો વધ્યો ઘણો તેની, વેદના અપરંપાર;
હવે આવ્યો છું તુજ દ્વાર... કૃપા

૩. નિગોદથી પંચેન્દ્રિય સુધી, ભટક્યો હું વારંવાર;
લાખ ચોરાશીના ફેરા ફર્યો તોયે, આવ્યો નહીં મુજ પાર;
હવે ભવથી ઉતારો પાર..... કૃપા

૪. શક્તિ છતાંયે કૃપણ થઈ જીવ્યો, દીધું સુપાત્રે ના દાન;
દાનને બદલે ભોગમાં રાચ્યો, ભૂલી તનમનનું ભાન;
હવે માગું પ્રભુજી જ્ઞાન... કૃપા

૫. જિનશાસનમાં જન્મ મળ્યો તોયે, કીધી ના એમાં પ્રીત;
આર્તધ્યાનમાં ડૂબી ગયો ને, ખોયું જીવન સંગીત;
હવે માગું હું સમકિત... કૃપા

૬. એકલો આવ્યો એકલો ચાલ્યો, બન્ને વેળા ખાલી હાથ;
કર્યું કારવ્યું વાપરશે સહુ, ફળ કેવળ મારે હાથ;
કર્મ ભવભવ ચાલ્યું સાથ... કૃપા

૭. ચંડકૌશિક નાગને તાર્યો, ઠારી ક્રોધ અજ્ઞાન;
વાદે આવેલા ઇન્દ્રભૂતિને, દીધું આતમજ્ઞાન;
એવું રાખજો મારું ધ્યાન... કૃપા

૮. કર જોડી કહે **વિજય** આજે, સુણો હૈયાની વાત;
ઘટઘટના તમે જ્ઞાતા પ્રભુજી, દર્શન દો સાક્ષાત
એટલું માગું જગતના તાત... કૃપા

અજ્ઞાનની ઊંઘમાં રાચતા માનવીને હળવેથી સાદ આપીને જગાડવાની વાત આ રચના દ્વારા કરાઈ છે!

'શું કરવાનું છે, શું નથી કરવાનું?' બસ, આ બે વાતોને ઓળખીને જીવનનાં કર્તવ્યો બજાવવારૂપ પુરુષાર્થ કરવામાં આવે તો વૃત્તિ-પ્રવૃત્તિ અને નિવૃત્તિ છેવટે નિર્વૃત્તિ તરફ લઇ જશે!

## હે જાગ રે માનવી

(ઢાળ : હે જાગ ને જાદવા)

૧. હે જાગ રે માનવી, સમજી વિચારીને;
આયખું પૂરું થતાં શું દશા થશે? ... હે જાગ રે

૨. પાછી મળશે નહીં, ક્ષણ જે તારી ગઈ;
સ્વપ્નની જેમ આયખું વહી જશે. ... હે જાગ રે

૩. જન્મ માનવીનો તને, ફરી ફરી નહીં મળે;
ધર્મ કરજે નહીં તો વ્યર્થ તે જશે ... હે જાગ રે

૪. ઉચિત કંઈ કર્યું નહીં, અનુચિત કીધા કર્યું;
કર્મના અશુભ બંધ કેવા રે થશે. ... હે જાગ રે

૫. ઉદયે કર્મ આવશે, આકરાં તને લાગશે;
ભોગવતી વેળા નવાં કર્મબંધ થશે ... હે જાગ રે

૬. રાગ ને દ્વેષ બે નિમિત્ત પાપો તણાં;
ખોલતા પાપતણાં રાહ તો ઘણા ... હે જાગ રે

૭. ચાર દુશ્મનો ઘણા, મોટાં છે જીવનમાં;
ક્રોધ લોભ માન માયા કષાયના ... હે જાગ રે

૮. મન અને ઇન્દ્રિયો, માંહ્યલાને છેતરે;
કર્મ કૂડાં કરાવી ભવ બગાડશે. ... હે જાગ રે

૯. કર્મ કરતાં સદાયે, સાવધાની રાખજે;
કર્મની ફળશ્રુતિ, હળવી તો થશે ... હે જાગ રે

૧૦. કર્મોદયને ઓળખી, સમતાથી;
ભોગવી કર્મસંચિત ઘણાં, તો ખપી જશે. ... હે જાગ રે

૧૧. કહે **વિજય** તું ચેતજે, અશુભને ઓળખી;
શુભમાં વહી જઈ, શુદ્ધ તું થજે... હે જાગ રે

# કર્મફળ

(ઢાળ : ચોખલિયાળી ચૂંદડી મા )

**કર્મરાયની સત્તા** : માણસ પોતાના માટે સુખ મેળવવા અનેક જાતનાં પાપો આચરે છે. એને ખબર નથી હોતી એ કેવાં કર્મો બાંધે છે? બાંધેલાં કર્મો તો એનાં ફળ આપે જ છે. કર્મની પોતાની સ્વતંત્ર સત્તા છે જે શિક્ષા પણ કરે છે અને શિરપાવ પણ આપે છે.

૧. કર્મરાય ખત મોકલે, તૈયારી તારી કરતો જા;
બાંધી કરણી ભોગવીને, મારી સત્તા જોતો જા.. કર્મરાય.

જીવ અને જંતુજગતની હિંસા કરતાં માણસ અચકાતો નથી. પોતાની સુખ-સુવિધા મેળવવા અથવા કુતૂહલ અને બીજાને પીડા આપવાની વૃત્તિથી પીડાતો માણસ દયાહીન બનીને આચરણ કરે છે.

૨. જીવહિંસા જે કરે ઘણી ને, ત્રાસે જીવ અપાર રે;
ટૂંકું આયખું ને માંદલી કાયા, પીડા પારાવાર રે.. કર્મરાય.

૩. પંખીના માળા તોડે ને, ઈંડાં ફોડે બહુ વાર રે;
વંધ્યત્વ જ્યારે પામતો ત્યારે, બનતો તે લાચાર રે.. કર્મરાય.

૪. પક્ષીનાં ઈંડાં ખાઈ જે, વખાણ તેનાં કરશે રે;
જન્મ થતાંની પહેલાં વ્હાલી, સંતતિ તેની મરશે રે.. કર્મરાય.

૫. પશુપક્ષી જીવજંતુને મારે, નાનાં જેનાં સંતાન રે;
માતપિતા ખોવે બાળપણામાં, જગમાં થશે અનાથ રે.. કર્મરાય.

૬. જાળાંમાળાં જીવજંતુનાં તોડી, નાખે તેને બહાર રે;
ભૂકંપની એક જ ઝાપટમાં, બેઘર થઈ લાચાર રે.. કર્મરાય.

૭. માછલાં કોકડાં જેવા જીવને ખાઈને પીડા દેશે રે;
કર્મ ઉદયમાં આવશે ને, દેહમાં કીડા પડશે રે.. કર્મરાય.

૮. મધપૂડા માખીના તોડવા કરે ધુમાડા અપાર રે;
આંખે રોશની મળે નહીં, અંધાપો ભારોભાર રે.. કર્મરાય.

૯. ભૂખ્યાં તરસ્યાં પશુને રાખી, લાદે ભાર અપાર રે;
કાયામાં તેને દાહ થશે ને, જ્વરનો થશે વિકાર રે.. કર્મરાય.

૧૦. પશુપક્ષીને પાંજરે પૂરી, વ્યાપાર તેનો જે કરશે રે;
રોગગ્રસ્ત કાયા મળે તેને, વ્યાધિ પીછો કરશે રે.. કર્મરાય.

૧૧. મોર સાપ વીંછી મારી ને, દવ જંગલમાં કરશે રે;
કંચન સરખી કાયાને તારી, કર્મ કોઢિયો કરશે રે.. કર્મરાય.

**વનસ્પતિ જગત** એ જીવન જીવવાનું મુખ્ય પરિબળ છે. પ્રાણવાયુ પૂરું પાડનાર પ્રબળ તત્ત્વ છે. એના પ્રત્યે લાપરવાહ રહીને માનવજાત અનેક રીતે એનો વિનાશ કરવા મંડી પડે છે જે છેવટે તો એના ઘાત માટે થાય છે.

૧૨. પાક્યા પહેલાં તોડી નાખે, કાચાં ફળ જે અપાર રે;
અધૂરા માસે ગર્ભ ગુમાવશે, વેદના અપરંપાર રે.. કર્મરાય.

૧૩. પથ ઉપરનાં લીલાં વૃક્ષો, વિના કારણ જે કાપે રે;
સંતતિ કોટિ ઉપાયે મળે ના, વાંઝિયાપણું તે પામશે રે.. કર્મરાય.

૧૪. ભેદન છેદન શસ્ત્રથી કરશે, વનસ્પતિની હાથે રે;
આંખે કાણો, બાંડો થશે તથા, ખોડ જીવનભર સાથે રે.. કર્મરાય.

૧૫. સોયની અણીએ પુષ્પ પરોવી, કરશે હાર જે આખા રે;
આંખે વેદના ભારે થાશે ને, કાણા બાંડા મલાખા રે.. કર્મરાય.

'**અહિંસા**' સમગ્ર જીવસૃષ્ટિનું શ્રેય અને પ્રેય કરનાર છે. તમામ ધર્મોનું મૂળ અહિંસા છે. દયા-કરુણા અને અનુકંપારૂપ અહિંસાના નીરથી જ ધર્મ સિંચાય છે. અહિંસાનાં ફળ અમોઘ છે. જીવહિંસા જેવું પાપ નથી અને અહિંસા સમાન અન્ય ધર્મ નથી. બધા ધર્મોની નદીઓ અહિંસાના સમુદ્રમાં ભળે છે.

૧૬. જીવમાત્ર પર કરુણા રાખી, મૈત્રી ભાવમાં રહેશે રે;
દીર્ઘાયુષી ને નીરોગી કાયા, કર્મફળે તેને મળશે રે.. કર્મરાય.

૧૭. જીવદયા પાળીને જે ઘણી, ઉપકારી થઈ જીવશે રે;
ઇચ્છિત સામગ્રી વણમાંગે, સંસારે તે પામશે રે.. કર્મરાય.

વ્યવહાર જગતમાં જીવન અનેક સાથે જોડાયેલું હોય છે. એકબીજા સાથેના વ્યવહારમાં એક યા બીજી રીતે કૂડ-કપટ કે છેતરપિંડી અથવા અવિશ્વાસનું વલણ અશાંતિ, પીડા અને અજંપાને નોંતરે છે. વ્યવહારની/વાણીની અહિંસા સહઅસ્તિત્વ માટે અનિવાર્ય છે.

૧૮. વિશ્વાસે લીધેલી થાપણ, પાછી જે ના દેશે રે;
ખુદની હયાતીમાં પોતાની, વ્હાલી સંતતિ મરશે રે.. કર્મરાય.

૧૯. નિર્દોષી પર આળ મૂકે ને, જૂઠું બોલીને જીવશે રે;
પૂરા માસે તેની જીવતી સંતતિ, જમડો ચોરી જાશે રે.. કર્મરાય.

૨૦. પરધનની ચોરી કરશે ને, રોકશે દાન દેનાર રે;
ગરીબ નિર્ધન થઈને જન્મે, સહુ રીતે કંગાળ રે.. કર્મરાય.

૨૧. સાક્ષી ખોટાની કરીને જે સાથ જૂઠાને દેશે રે;
સત્યવચન કહેશે છતાંયે કોઈ ના ભરોસો કરશે રે.. કર્મરાય.

૨૨. દાન દેવામાં વિલંબ કરે ને, પસ્તાવો પછી કરશે રે;
અઢળક સુખ સામગ્રી મળે તોયે, કશું ના વાપરી શકશે રે.. કર્મરાય.

૨૩. મૈથુન સેવનમાં રાચી જે, સેવશે પારકી નાર રે;
વ્યંઢળ તરીકે જન્મ મળે ને, ભટકે બની લાચાર રે.. કર્મરાય.

જીવન જીવતાં માણસ સમજણ ગુમાવીને અથવા તો ભાન ભૂલીને અશુભ આચરણના આટાપાટામાં અટવાય છે. માત્ર શરીરની સુખાકારિતા માટે જાતજાતનાં અકાર્યો કરનાર પોતાના જ ભવિષ્યને અંધકારમય બનાવે છે

૨૪. વ્યભિચાર પરનર સાથે કરી, પતિને દગો જે દેશે રે;
વેશ્યાપણામાં જન્મ બગાડી, કર્મ બદલો લેશે રે.. કર્મરાય.

૨૫. શાહુકારનો મુખવટો પહેરી જે, કરે માલિકની ચોરી રે;
અશક્ત કાયા લઈ જનમે ને, થાય બેડોળ શરીરી રે.. કર્મરાય.

૨૬. માંસ મદિરા વેશ્યાગમન ને, ખેલશે જે જુગાર રે;
દેહ મૂક્યા પછી દુર્ગતિ નક્કી, ખૂલશે નરકનાં દ્વાર રે.. કર્મરાય.

૨૭. ત્યાગીપણાના નિયમો તોડી, ચરતાં પશુને હણશે રે;
એકથી વધુ પત્ની કરે તોયે, એકે પત્ની ના જીવશે રે.. કર્મરાય.

૨૮. અનાચાર છાને જે કરશે, પ્રાણીને મારીને ખાશે રે;
ચિત્ત ભ્રમિત તેનું થઈ જશે ને, યાદ કશું ના રહેશે રે.. કર્મરાય.

૨૯. અભક્ષ સચિત્તનાં ભોજન કરશે ને, લેશે કોઈ ના બાધા રે;
રસાસ્વાદની લોલુપતાથી, તૂટશે તેના સાંધા રે.. કર્મરાય.

૩૦. સમ્યક વાણી સુણે નહીં ને, સુણે નિંદા કુથલી અપાર રે;
કાને બહેરો થઈ અકળાશે, મૂંઝવણ ભારોભાર રે.. કર્મરાય.

૩૧. કંચનવરણી કાયા મળે તેનું, કરશે રૂપ અભિમાન રે;
કઢંગો કૂબડો થઈને જનમે, કર્મ ઉતારે ગુમાન રે.. કર્મરાય.

૩૨. જ્ઞાન તણી વિરાધના કરીને, પુસ્તક કે ગ્રંથો બાળશે રે;
મળશે જ્ઞાન ના કોટિ ઉપાયે, મુરખ બની ને ભટકશે રે... કર્મરાય.

૩૩. જન્મ મળે થચા કુળમાં, તેનું કરશે જે અભિમાન રે;
નીચ ગોત્રમાં જન્મ થશે ને, સહેશે નિત અપમાન રે... કર્મરાય.

૩૪. દેવગુરુની નિંદા કરીને, અવળી વાણી વદશે રે;
મૂંગો ગૂંગો કે બોબડો થઈને, વેદના તેની સહેશે રે... કર્મરાય.

૩૫. શ્રેષ્ઠી રાજા પંડિત જેવા, પદનું કરે અભિમાન રે;
નોકર ચાકર સેવક થઈને, ગુમાવે સઘળી શાન રે... કર્મરાય.

**મનુષ્ય** તરીકેનું જીવન સત્કાર્યો દ્વારા સત્કર્મનું વાવેતર કરવા માટે છે. ગુણી અને શાણા માણસો પોતાની આસપાસને સંતુલિત બનાવે છે. આચારની સ્વચ્છતા અને વિચારની સ્વસ્થતાથી જીવનમાં સમરસતા કેળવાય છે. પોતાની પ્રત્યેક પ્રવૃત્તિને મૂલવો – એની પાછળની વૃત્તિને ઓળખો. આચરણ એવો આયનો છે કે જે અંતઃકરણને પ્રતિબિંબિત કરે છે.

૩૬. માગ્યા પહેલાં દાન દેશે જે, જરૂર અન્યની જાણી રે;
ધનધાન્ય ક્ષેત્રને પશુધનની, પ્રભુજી કરશે લહાણી રે... કર્મરાય.

૩૭. દીન-દુખિયાને દાન દેશે ને, નિરાધારને સ્થાન રે;
પ્રભુ વરસશે મન મૂકીને, લક્ષ્મી નવે નિધાન રે... કર્મરાય.

૩૮. ભોજન દઈ જે ભૂખ મટાડે, કપડાં દઈ લાજ સાચવે રે;
ધનધાન્ય વસ્ત્રનો નહીં તોટો, આશિષ મળે તે કાજ રે... કર્મરાય.

૩૯. સાધુ સાધ્વીને સમ્યક્દર્શીને, દેશે આહારને પાણી રે;
દુકાળના વિષમ કાળે પણ, ખૂટે ના દાણાપાણી રે... કર્મરાય.

૪૦. બ્રહ્મચર્યનું પાલન કરીને, જિનઆજ્ઞામાં જીવશે રે,
સુંદર રૂપ લાવણ્ય પામીને, ચતુર વાણી પામશે રે... કર્મરાય.

૪૧. પરજનનાં દુઃખ જોઈને જે, કરશે મદદ અપાર રે;
પ્રભુ ધ્યાન તેનું કાયમ રાખે, શંકા નહીં લગાર રે... કર્મરાય.

૪૨. સાધના કરશે સમ્યક્ભાવે મનથી સંયમ તપની રે;
પુણ્યોદયથી મોક્ષમાર્ગની ફળશે, તેની લગની રે... કર્મરાય.

૪૩. જિન આજ્ઞાને શિર ધરીને, વરતે તે અનુસાર રે;
મોક્ષમાર્ગ તેને મળશે જલદી, પ્રભુની કરુણા અપાર રે... કર્મરાય.

૪૪. પ્રભાતે ઊઠી ભાવની સાથે, સ્મરણ પ્રભુનું કરશે રે;
ધન્ય દિવસ તેનો થશે ને, સકળ મનોરથ ફળશે રે... કર્મરાય.

કરેલું કશું જ નિરર્થક કે નિષ્ફળ જતું નથી! કર્મોનાં ફળ ભોગવવાં પડે છે. આજની જીવનશૈલી ઉપર જ આવતી કાલનું કે આવનારા ભાવિનું સર્જન થશે. કંઈ પણ કરતાં પહેલાં એની આવશ્યકતા, અનિવાર્યતા અને એનાથી પેદા થનારાં પરિણામો-પ્રત્યાઘાતો માટે વિચારો, સાવધ રહો, કારણ કે કર્મને ક્યાંય કોઈનીય શરમ નથી. એ ચોપડા ચોખ્ખા કરીને જ જંપે છે

૪૫. કૃષ્ણ રામ કે તીર્થંકર હોયે, કર્મમાં ના અપવાદ રે;
બાંધી કરણી ભોગવી સહુએ, તેમાં નથી વિવાદ રે... કર્મરાય.

૪૬. સુખ ભોગવે છે જે આજે, પુણ્યકર્મનું ભાતું રે;
જમા પુણ્યરાશિ વપરાશે, ઘટશે પુણ્યનું ખાતું રે... કર્મરાય.

૪૭. દુઃખ ભોગવે છે જે આજે, પાપકર્મનું ભાતું રે;
કર્મબંધ હરપળ ઘટે તારા, હૈયું હળવું થાતું રે... કર્મરાય.

૪૮. ક્ષયોપક્ષમ કર્મનો જ્યાં સુધી, મોક્ષ મળે તને ક્યાંથી રે;
ક્ષાયિક ભાવે કર્મ ખપે ત્યારે, **વિજય** તું મોક્ષનો વાસી રે... કર્મરાય.

*નાના નાના સંકલ્પો ઘણી વખતે વિકલ્પોના વાવાઝોડાથી મનને બચાવી લે છે! દશા સુધારવા દિશા પણ બદલવી પડતી હોય છે! કેરી તોડવા લીમડે ના ચઢાય! સંકલ્પનું બળ કેળવો!*

# મારો સંકલ્પ

( ઢાળ : ૐ તત્ સત્ શ્રીનારાયણ તું )

૧. હિંસા ચોરી કરું નહીં, અણહકનું ના લઉં નાથ;
જૂઠું કદી બોલું નહીં, લઈ વ્રત સંયમ સાથ.

૨. ગમા અણગમાથી દૂર રહું, છોડું રાગ ને દ્વેષ;
કલહ ત્યજીને રહું સદાયે, આળ ન મૂકું લેશ.

૩. પરિગ્રહે હું રહું નહીં, લોભનો છોડી વિચાર;
ક્રોધથી પીડું નહીં અન્યને, એવો હજો આચાર.

૪. કુટિલતા હું કરું નહીં, માગું ન ખોટું માન;
માયા કરી છેતરું નહીં ને, કરું ના કદી ગુમાન.

૫. પરપંચાતે પડું નહીં, છોડી ઈર્ષા ભાવ;
ચાડી ચુગલી કરું નહીં, સદા ક્ષમાનો ભાવ.

૬. શ્રદ્ધા જિન શાસ્ત્રમાં કરું, મિથ્યા દૃષ્ટિનો ત્યાગ;
પ્રભુએ ચીંધેલા માર્ગે રહું, રાગથી થઉં વિરાગ,
વિજય થઉં વિરાગ.

ભૂતકાળ ભલે ભૂલભર્યો હોય પણ વર્તમાન અને હાલની પળો જો શુભના સંકલ્પથી સભર બનતી જાય તો જીવન જીવવાની ગુરુ-ચાવી જડી જાય અને જીવન ધ્યેય તથા અંતિમ લક્ષ્ય તરફનો દષ્ટિકોણ સ્પષ્ટ રહે !

## મારી ભાવ આરાધના

(ઢાળ : મંદિર છો મુક્તિ તણા)

૧. પંચેન્દ્રિયને નિગોદ વચ્ચે, જન્મ ક્યાં ક્યાં મુજ થયો;
લખ ચોરાશી ફેરા પછી દુર્લભ મને આ ભવ મળ્યો.
પ્રભુ કેટલો ઉપકાર માનું, કે કૃપા તારી ગણું;
મને શક્તિ દેજો હે પ્રભુ, સાર્થક કરું માનવપણું.

૨. વિદ્યા ગ્રહુ, બુદ્ધિ લહુ, મુજ કાયાને તપતી દમું;
કરી જ્ઞાનથી ઉપાસના, ગુણવાન તુજ જેવો બનું.
સુપાત્રે દઈને દાનથી સહયોગી અન્યને હું બનું;
ધર્મી બની, શીલવાન થઇને, માનવીનો ભવ તરું.

૩. હિંસા નહીં, ચોરી નહીં, જૂઠું વચન બોલું નહીં;
પરિમાણ પરિગ્રહનું કરીને શિયળ વ્રત ચૂકું નહીં.
નહીં ક્રોધ લોભ કે માન માયા, રાગ દ્વેષ ધરું નહીં;
ઈર્ષા કે ચાડી ચુગલી પંચાત પરની કરું નહીં.

૪. સંસારમાં કંકાસથી, કલુષિત મન હું નવ કરું;
કદી કોઈ ઉપર આળ મૂકી અન્ય સામે નવ ધરું.
હું કપટ કરીને સ્વાર્થ માટે જૂઠથી નવ છેતરું;
અજ્ઞાન દૃષ્ટિ દૂર કરીને સ્થિર મતિ સઘળે કરું.

૫. કથની ને કરણી બેય સરખાં રાખીને જીવન જીવું;
દોષો ખપાવી માહરા, નિર્મળ જીવન કરતો જઉં.
મન વચન ને કાયા થકી હું શુભની શુદ્ધિ કરું;
કર્મો ખપાવી માહરાં શુદ્ધાતમા બનતો જઉં.

૬. જન્મ ભારતવર્ષમાં ને, જૈન ધર્મ મને ફળ્યો;
પ્રભુ વીરનું શાસન મળ્યું ને, આતમા શુભમાં વળ્યો.
જો મુક્તિ મુજને ના મળે, તો જન્મ જૈન કુળે હજો;
ભવભવ ગ્રહુ વિરતિ અને, ભક્તિ થકી મુક્તિ થજો,
ભવભવ મળો વિરતિ વિજયને, ભક્તિ થકી મુક્તિ થજો.

*ક્ષમાનો ભાવ આત્માને હળવો બનાવે છે જ્યારે સંઘર્ષના પર્યાય જેવા સંબંધોનો ભાર મનને થકવી દે છે! ઘા કરીએ છીએ કે સ્વયં ઘવાઈએ છીએ! કર્મોના હાથની કઠપૂતળી જેવા આપણે સમજણના સલિલથી, ક્ષમાજળથી અપરાધભાવને ધોઈ દઈએ! અને છેલ્લે કર્મોની નિર્જરા કરતા જઈએ!*

# ક્ષમાપના

(ઢાળ : શિખરિણી-છંદ)

૧. ઉદયમાં આવ્યાં જે, શુભ અશુભ કર્મો કરેલાં;
બધી રીતે તેની, નિર્જરા કરી તું જીવી જજે.

૨. કરેલાં કર્મો જે, મન વચન કે આ શરીરથી;
ખપાવી દે સહુને, જપ તપ ને ભક્તિ કરીને.

૩. થયેલાં સંબંધો, ગતજીવન કે આ જીવનના;
નિભાવ્યાં જે સહુને, મન હૃદય ને સંસ્મરણથી.

૪. દુભાવ્યાં જે જીવો, તન મન ને તારા હૃદયથી;
ખમાવી દે સહુને, સરળ બનીને સર્વ રીતે.

*જૈન ધર્મનું સર્વશ્રેષ્ઠ પ્રદાન છે કર્મનું તત્ત્વજ્ઞાન. પોતાના જ કરેલાં-આચરેલાં કર્મોના ફળરૂપે જે મળે તેની પસંદગી માણસ કરી શક્યો નથી. એણે તો માત્ર સ્વીકાર જ કરવાનો હોય! કર્તવ્ય-અકર્તવ્યની ભેદરેખા જીવનની દિશા અને દશા બદલવામાં અનિવાર્ય ભાગ ભજવે છે!*

*જૈન પરંપરામાં જીવતા શ્રદ્ધા અને ભક્તિ સંપન્ન સદ્‌ગૃહસ્થને શ્રાવકની ઓળખાણ મળે છે! જે સાંભળે, શ્રદ્ધાથી સ્વીકારે, આચરણમાં ઉતારે, સદ્‌વિચાર ને સદ્‌વ્યવહારમાં વિસ્તરવા દે એ જ શ્રાવકપણાની નિશાની છે. સદ્‌ગૃહસ્થની દિનચર્યાની દીવાદાંડી સમાન આ ગીત હાથવગી માર્ગદર્શિકાનું કામ કરશે!*

## શ્રાવક દિનચર્યા

(ઢાળ : વૈષ્ણવજન તો તેને રે કહીએ)

૧. જાગ્રત શ્રાવક તેને રે કહીએ જે ધર્મ ફરજ સહુ પાળે રે;
વીરવાણીથી નિર્મળ થઈને, અન્યને ધર્મમાં વાળે રે... જાગ્રત

૨. નમસ્કાર મહામંત્ર જપીને, દિન શરૂઆત જે કરતો રે;
રાઇય પ્રતિક્રમણ કરીને જે, પાપકર્મ આલોચતો જે... જાગ્રત

૩. પંખીને ચણ ને પશુને ચારો, કીડિયારાં જે પૂરતો રે;
જીવદયાને પ્રથમ ગણીને, કરુણાપૂર્વક જીવતો રે... જાગ્રત

૪. માતાપિતાને વંદન કરીને, જિનમંદિર જે જાતો રે;
દર્શન પૂજન અર્ચન કરીને, ભાવવિભોર જે થાતો રે... જાગ્રત

૫. ઉપાશ્રયે જઈ મુનિભગવંતને ભાવથી વંદન કરતો રે;
શ્રુતવાણી સુણી નિયમ ધરીને, નિજગૃહ પાછો ફરતો રે... જાગ્રત

૬. સૂર્યોદયથી બે ઘડી વીતે, નવકારશી વ્રત જે પારે રે;
પરિવારની ખબરઅંતર લઈ બાકીના ધર્મ વિચારે રે... જાગ્રત

૭. સાધુ સાધ્વીને ગોચરી પાણી, શ્રદ્ધાથી વહોરાવે જે;
દીન દુઃખિયાને ભોજન દઈને, પછી જ ખુદ ભોજન કરતો રે... જાગ્રત

૮. ન્યાયનીતિથી કરી કમાણી, કોઈને નવ છેતરતો જે;
જે કંઈ મળતું તે કર્મને આધીન, સંતોષ એવો ધરતો રે... જાગ્રત

૯. સેવા શુશ્રૂષા બીમાર જન, તથા વૃદ્ધ અશક્તની કરતો જે;
તનમનધનથી બની સહાયક, ઉપકૃત ભાવમાં રમતો તે... જાગ્રત

૧૦. સૂર્યના અસ્તથી બે ઘડી પહેલાં, ચૌવિહાર જે વાળતો રે;
રાત્રિભોજન કરે કદી નહીં, અભક્ષને જે ત્યજતો રે... જાગ્રત

૧૧. દિનમાં એક સામાયિક કરીને, સમતાભાવમાં રમતો રે;
ધર્મનું વાચનમનન કરીને, જ્ઞાનક્રિયામય બનતો તે... જાગ્રત

૧૨. સંધ્યાકાળે જિનમંદિર જઈને, આરતી દીવો કરતો જે;
ભક્તિભાવથી પ્રભુને વંદી, હર્ષથી પાછો ફરતો તે... જાગ્રત

૧૩. પ્રતિક્રમણ દિન અંતે કરીને, સઘળાં પાપ આલોચતો જે...
પુનરાવર્તન નહીં કરવાની, જાગૃતિ સાથે રાચતો રે... જાગ્રત

૧૪. પરિવારજન સાથે બેસીને ઉત્તમ જ્ઞાન પીરસતો જે;
ન્યાયનીતિ ને દયાભાવના, સંસ્કારો જે સિંચતો તે... જાગ્રત

૧૫. સૂતાં પહેલાં સહુ જીવો સાથે, ક્ષમાભાવ જે રાખે રે;
કહે વિજય તે ધર્મનાં પંથે, જ્ઞાની જન વાણી ભાખે તે... જાગ્રત

દિવ્યતાનો અહેસાસ કરાવનાર દીકરીનાં નાનાં નાનાં પગલાં જીવનની પળેપળને પારાવાર પ્રસન્નતા અને ખુશીથી ઓળઘોળ બનાવે છે! એ જ દીકરી જોતજોતાંમાં મોટી થઈને પારકે ઘેર જવા માટે ડગલાં માંડે અને આંખો માંડવો એને વળાવવા ઊમટે એ ક્ષણોનો સામનો કરવાની તાકાત ક્યાં માતાપિતાના દિલમાં હોય?

# દીકરીને વળાવતાં

(ઢાળ : દીકરો મારો વ્હાલનો દરિયો)

૧. દીકરી મારી વહાલનો દરિયો, દેવની દીધેલ છું;
ગંગાસ્નાન શું કરું હવે, પ્રેમથી નાહેલ છું.

૨. હસતી રમતી ગીતડાં ગાતી, કૂદતી અહીં તહીં;
જોતજોતામાં મોટી થઈ ગઈ ખબર ના મને રહી.

૩. દુઃખ થતું તને જ્યારે જ્યારે, વેદના મને થાતી;
રાતોની રાતો જાગતી રહેતી, એક જ તું દેખાતી.

૪. ભાવતાં ભોજન તું કરે ને, હું તો ઘણી હરખાતી;
પેટ ભરીને તું જમે તેનો ઓડકાર, હું ખાતી.

૫. ધાર્યું હતું લાડ કરવાના હજુ બાકી ઘણા છે દહાડા;
ક્યાંથી આવી પહોંચ્યા વસમી વિદાય કેરા દહાડા.

૬. હાડમાંસના ભાગ મારાથી, તું તો ઘડાતી ગઈ;
ઘડીના છઠ્ઠા ભાગમાં કેવી રીતે બીજાની થઈ?

૭. જનમી ત્યારે મારી થવાની છું તેવો કર્યો વિશ્વાસ;
આજે થઈ તું પારકા ઘરની હું તો થઈ નિરાશ.

૮. ભાણે બેસીશ ને ભાવતાં ભોજન જોઈ કરીશ હું યાદ;
ભર નિંદરમાં ઝબકી જવાની ભણકારે તારો સાદ.

૯. સાસરું તારું એવું હજો જ્યાં એકે ના રહે ફરિયાદ;
સાસરિયાં તને રાખે એવું માતાની નાવે યાદ.

૧૦. સાસુ-સસરા વ્હાલથી ફેરવે, તારા માથે હાથ;
મળજો સદા કાળ તેમનો પ્રેમથી તને સાથ.

૧૧. સાસશ્વસુર માતપિતાને, સાસરિયાં પરિવાર;
પિયરનો છેડો છૂટી ગયો હવે સાસરું સદાકાળ.

૧૨. સાસરે જઈને સુખી થાજે, થાજો મંગળ તારું;
સદા સોહાગણ રહેજે તેવું પ્રભુ પાસે માગું.

૧૩. સાસરે મારી યાદ આવે તો સૂતાં કરજે યાદ;
સ્વપ્નમાં હું નક્કી આવું મળવા તારે કાજ.

૧૪. આજે પુત્રી, કાલે પત્ની, પરમે માત સવાઈ;
જીવનકેરા નાટકમાં તારે નિત નવી સગાઈ.

૧૫. મોડું મોડું તે સમજાયું કે, આમાં નહોતી નવાઈ;
બની રહ્યું તારી સાથે આજે વિજય એ જ છે સચ્ચાઈ

❊ ❊ ❊

